मोक्षार्थिना प्रत्यहं ज्ञानवृद्धिः कार्या ।

# શ્રી જૈન ધર્મ પ્રકાશ


પુસ્તક ૬૩ મું — અંક ૧૧ મો

ભાદ્રપદ

ઇ. સ. ૧૯૪૭ — ૨૧ સપ્ટેમ્બર

વીર સં. ૨૪૭૩ — વિક્રમ સં. ૨૦૦૩

પ્રગટકર્તા—

શ્રી જૈન ધર્મ પ્રસારક સભા

ભાવનગર

# શ્રી જૈન ધર્મ પ્રકાશ.

બહારગામ માટે બાર અંક ને પોસ્ટેજ સાથે વાર્ષિક લવાજમ રૂા. ૧-૧૨-૦

| પુસ્તક ૬૩ મું<br>અંક ૧૧ મો | ભાદરવો | વીર સં. ૨૪૭૩<br>વિ. સં. ૨૦૦૩ |
|---|---|---|

## अनुक्रमणिका


૧. શ્રી સિદ્ધગિરિમંડન શ્રી આદીશ્વર પ્રભુનું સ્તવન...(આ. શ્રી વિજયપદ્મસૂરિજી) ૨૬૧
૨. સંવેગભાવના ... ... ... ( મગનલાલ મોતીચંદ શાહ ) ૨૬૨
૩. आत्म का उद्देश्य ... ... ... ( રાજમલ ભંડારી ) ૨૬૩
૪. મુક્તિનો સ્વયંવર ... ... ... ( અમરચંદ માવજી શાહ ) ૨૬૪
૫. સત્કાર્યવાદ : ૨ ... ... ... ( આ શ્રી વિજયકસ્તૂરસૂરિજી ) ૨૬૫
૬. મારી મુસાફરી ... ... ... ... ... ...( દ્વિરેફ ) ૨૬૯
૭. વ્યવહાર કૌશલ્ય : ૩ (૨૬૫ ૨૬૬-૨૬૭) ... ... ( મૌક્તિક ) ૨૭૧
૮. મંત્રવિદ્યા ને ચમત્કાર : ૨ ... ... ( શ્રી બાલચંદ હીરાચંદ ) ૨૭૪
૯. ક્રોધાદિક કષાયોના પર્યાયો અને ક્રમો ( પ્રો. હીરાલાલ રસિકદાસ કાપડીયા ) ૨૭૮
૧૦. યોગાવંચક, ક્રિયાવંચક ને ફલાવંચક...( ડૉ. ભગવાનદાસ મનઃસુખભાઈ મહેતા M. B. B. S. ) ૨૮૨
૧૧. સ્વીકાર ને સમાલોચના ... ... ... ... ... ૨૮૬


**નવા સભાસદ.**

૧. ઝવેરી બબાભાઈ કેશવલાલ — અમદાવાદ — લાઇફ મેમ્બર

### ભેટનું પુસ્તક

" પ્રભાવિક-પુરૂષો " ભાગ બીજો-ભેટ પુસ્તક ફક્ત સભાના વાર્ષિક સભાસદો તેમજ લાઇફ મેમ્બરોને જ આપવાનું છે. માસિકના ગ્રાહકબંધુઓને માટે તે ભેટ પુસ્તક નથી.

આ અંક આપના હાથમાં આવ્યા બાદ ભેટના પુસ્તકનું વી પી. શરૂ કરવામાં આવશે. જો આપે આપની સભાસદ તરીકેની ફી ન મોકલી આપી હોય તો વી. પી. આવ્યેથી સ્વીકારી લેશો.

લાઇફ મેમ્બરોએ ભેટ પુસ્તકના પોસ્ટેજના ત્રણ આનાના સ્ટાંપ મોકલી આપવા.

# જૈન ધર્મ પ્રકાશ

પુસ્તક ૬૩ મું.
અંક ૧૧ મો

: ભાદ્રપદ :

વીર સં. ૨૪૭૩
વિ. સં. ૨૦૦૩

## શ્રીસિદ્ધગિરિમંડન આદીશ્વર પ્રભુનું સ્તવન.

વ્હાલો શેત્રુંજો મને પળે પળે સાંભળે, દેખંત દિલ ઉલ્લસાય રે;
સેવું હું સિદ્ધગિરિનાથને.
પ્રભુપદ•પદ્મને પૂરણ પુણ્યે, પામી કૃતાર્થ થવાય રે. સેવું૦ ૧
લાવણ્ય રત્નના દરિયા જિણંદજી, દેવ સમાજ જયંત રે; સેવું૦
દક્ષ પ્રતિજ્ઞ પ્રભુ સુશીલ ધારી, નિરંજન પદવી ધરંત રે. સેવું૦ ૨
શશિપ્રભ મુખકજે ચંદ્રપ્રભ દેવા, સોહે ભ્રમર સમ સાર રે; સેવું૦
મહિમાપ્રભવ તનુ કાંતિ મનોહર, કલ્યાણપ્રભ ભજનાર રે. સેવું૦ ૩
વાસી ચંદન સમ જીવન નિહાલી, વિબુધ ધરે સમભાવ રે; સેવું૦
મંગલમાલા નામ સ્મરણથી, નાશે જ સર્વ વિભાવ રે. સેવું૦ ૪
પરઉપકારી પ્રદ્યુમ્ન પેરે, પુંડરીક વિશદ સ્વભાવ રે;
વિમલગિરિ સેવા ઔષધ ઉત્તમ–ભાવ આરોગ્ય જમાવ રે. સેવું૦ ૫
અંક નંદ નિધિ ચંદ ચૈત્ર સુદ એકમે, ભેટ્યા ભવોદધિ જહાજ રે;
નેમિસૂરીશ્વર પદ્મના સારો, સઘલા વાંછિત કાજ રે. સેવું૦ ૬

—આચાર્ય શ્રી વિજયપદ્મસૂરિજી.

# સંવેગ ભાવના.

અનુષ્ટુપ.

ભણ્યો સંસ્કૃત પ્રાકૃત, આત્માર્થે કાંઇ ના ભણ્યો;
જેમાં સંવેગ વૈરાગ્ય-રૂપી, પરમ તત્ત્વ છે. ૧

અરે! મૂઢ જગત્સર્વ, ભટકે છે દશે દિશે;
બની આકૂળવ્યાકૂળ, શા માટે દોડતું હશે? ૨

મેળવી જૈન-ધર્મને, નાચ્યો ઇન્દ્રિય સંગથી;
પ્રમાદે અતિ ઘેરાયો, હવે વિલાપ શું કરું? ૩

કોઈને દોષ શું આપું? દોષ આત્મા પ્રતિ કરું;
શું બોલું છું ન જાણું હું, પરાર્થે બોધ શો કરું? ૪

જેઓ વૈરાગ્ય સંબોધે, ભેદ જેના હૃદે નથી;
ગતિ તેની થશે કેવી? આવા પામર જીવની. ૫

જાઉં છું કયાં? કરું છું શું? શું સાંભળું? ઊભો રહી;
સંસાર ભય પામેલું, છે મારું મન વ્યાકૂળ. ૬

નિષ્ફળ ખેદને છોડી, ધર્મે યત્ન હવે કરું;
ઉપયોગ ન રાખું તો, કર્મ છોડે નહીં કદા. ૭

જ્યાં કાંઇ તત્ત્વ દેખાય, શ્રદ્ધાનુષ્ઠાનથી ખરું;
ત્રિકરણ ત્રિયોગથી, સ્વીકારવું નિરંતર. ૮

જે જોડે ચિત્ત સ્વાત્મમાં, છોડી સંસાર સંકથા;
સીંચી અમૃત ધારાને, શોભાવે સર્વ અંગને. ૯

જાણી અનિત્ય સંસાર, જેઓ વ્યાકુળ ના બન્યા;
બળતા ઘર અગ્નિમાં, પોઢ્યા નિર્ભય તે બની. ૧૦

ગતાનુગત જાણીને, સૂતો નિર્ભય શું બની?
અંધ કૂવે પડે છે જ્યાં, રે! ત્યાં તું દેખતો પડે. ૧૧

રચી આ રત્નસૂરિએ, સંવેગામૃત ભાવના;
ધરી આત્મોપકારાર્થે, આત્માને અનુશાસવા. ૧૨

મગનલાલ મોતીચંદ શાહ-વઢવાણ કેમ્પ

卐

# आत्म का उद्देश्य ।

: ॐ :

जब जिन्दगी का अंतदिन आजायगा ।
तब आत्मा पस्तायगा पस्तायगा ॥ १ ॥

शुभ कार्य जीवन में नहीं कुछ भी कीये ।
यह क्षोभ अंत में आयगा फिर आयगा ॥ २ ॥

खाने कमाने भोगने में यह गुमाई जिन्दगी ।
खाना कमाना तो यहीं रह जायगा रह जायगा ॥ ३ ॥

भोग में आसक्त होकर भोग को भोगे रहे ।
भोग का परिणाम संग में आयगा वह आयगा ॥ ४ ॥

देव गुरु और धर्म की की नहीं आराधना ।
बिन आराधना के कर्म नहीं कट जायगा कट जायगा ॥ ५ ॥

आराधना के वास्ते है पर्व की वह योजना ।
इस योजना के लक्ष्य को चुक जायगा पस्तायगा ॥ ६ ॥

पछताने का परिणाम नहीं अंत में कुछ आयगा ।
इस लिये जाग्रत रहेगा वह सफल हो जायगा हो जायगा ॥७॥

जिनवाणी जाग्रति के लिये विश्व में एक श्रेष्ठ है ।
इस श्रेष्ठ को ही अभिष्ट समझे वह अमर हो जायगा हो जायगा ।८।

अमर होने का ही जग में एक उद्देश्य[1] है ।
उस उद्देश्य को भूलेगा वह पस्तायगा पस्तायगा ॥ ९ ॥

विश्व के उद्देश्य न पुरण हुवे होंगे कभी ।
आत्म उद्देश्य ही सार्थक अवश्य होजायगा होजायगा ॥ १० ॥

नीति अर्हन् से [2]बनाना आत्म के उद्देश्य को ।
सार जग में 'राज' येही पायगा फिर पायगा ॥ ११ ॥

राजमल भंडारी-आगर (मालवा)

(१) जन्म, जरा, मृत्यु से मुक्त ।
(२) आत्महित का सदा ध्येय हो ।

卐 卐

# મુક્તિનો સ્વયંવર

મુક્તિ રમણી તારા કાજે, જગતમાં જંગો ચાલે છે;
તારો કર ગ્રહણ કરવાને, કઇક ખુવાર થાએ છે. મુક્તિ રમણી...એ ટેક ૧
તારા ખાતર ધર્મરાજ્યમાં, મંદિર મ્હોટાં ચણાવે છે;
તારે ખાતર મંદિરોમાં, નોબત વાજાં વગાડે છે. મુક્તિ રમણી...૨
તારા ખાતર મત પંથના, કિલ્લાઓ પણ બાંધે છે;
તારા ખાતર સંસાર ત્યાગી, ધાંધલ કઇક મચાવે છે. મુક્તિ રમણી...૩
કોઇ કહે છે મુક્તિ રમણી, મારા ધર્મે કર ગ્રહશે;
કોઇ કહે છે તારો નહિ પણ, મારો મત મુક્તિ વરશે. મુક્તિ રમણી...૪
શક્તિઓ સૌ મુક્તિ કાજે, મત મત પંથે ખર્ચે છે;
મુક્તિદેવીને રીઝવવા, કંઇ કંઇ વાતો ચર્ચે છે. મુક્તિ રમણી...૫
મુક્તિ રમણીને વરવાને, વરઘોડા ચડાવે છે;
મત પંથના વિવાદ વધતાં, હથિયારો ખખડાવે છે. મુક્તિ રમણી...૬
મુક્તિ તારો દેશ ન દેખ્યો, રૂપ ન દીઠું તારું રે;
તો પણ તારા પ્રેમી જીવો, ધ્યાન ધરે છે પ્યારું રે. મુક્તિ રમણી...૭
તારા ખાતર કઇક મરતાં, કઇક જંગો ખેલાતાં;
તું તો ઝરુખામાંથી જોતી, સ્વાર્થ અંધો અથડાતાં. મુક્તિ રમણી...૮
કઇક જોગી થઇને વનમાં, ઘોર તપશ્ચર્યા કરતાં;
કઇક અનેક રીતે તારું, ગૃહમંદિરે ધ્યાન ધરતાં. મુક્તિ રમણી...૯
તારું સ્વરૂપ સમજાવાને, મત મત શાસ્ત્રો વંચાતા;
યમ નિયમનાં અનેક યોગો, ધર્મ પાલનમાં બંધાતા. મુક્તિ રમણી...૧૦
તારું સ્વરૂપ સાચું જેણે, જાણ્યું તેણે જાણ્યું છે;
તારાં સુખને સ્વાનુભવથી, તેણે જરૂર મ્હાણ્યું છે. મુક્તિ રમણી...૧૧
ગોતીડો તેં બહુ કરાવ્યો, વરને બહુ અકળાવ્યાં છે,
સમ્યગ્દૃષ્ટિ જેણે જાણી, તે વરરાજા ફાવ્યાં છે. મુક્તિ રમણી...૧૨
સ્વયંવર સંસારે રચાયો, અનેક રાજા આવ્યાં છે;
મુક્તિ રમણી વરમાળા લઇ, વરવા મંડપ ચાલ્યાં છે. મુક્તિ રમણી...૧૩
જોગી–ભોગી–રોગી સર્વે, જોઈ મુખ મરડાવે છે,
એક એકને જોતી જોતી, કઈક જીગર ફફડાવે છે. મુક્તિ રમણી...૧૪
અધ્યાત્મયોગી ભાવનાશાલી, સમતાથી જે ધ્યાન ધરે;
વૃત્તિનો સંક્ષેપ કરે ત્યાં, 'અમર' મુક્તિને વરે. મુક્તિ રમણી...૧૫

—અમરચંદ માવજી શાહ

# સત્કાર્યવાદ

લેખકઃ—આચાર્ય શ્રી વિજયકસ્તૂરસૂરિજી મહારાજ

( ગતાંક પૃષ્ઠ ૨૧૩ થી શરૂ )

જમાલીને દર્શનમોહનું દબાણ થવાથી જાણવા છતાં પણ પ્રભુના ક્રિયમાણ કૃત સિદ્ધાંતને ખોટો ઠરાવીને પોતાના ક્રિયમાણ અકૃત સિદ્ધાંતને સ્થાપન કર્યો અને નિન્હવ કહેવાયા. ક્રિયમાણ કૃત અને ક્રિયમાણ અકૃતનો તાત્વિક દૃષ્ટિથી વિચાર કરતાં ઘણો જ વિરોધ આવે છે. છતું થાય છે અને અછતું થાય છે, બંનેની દિશા જ જુદી છે. આકાશ પુષ્પની જેમ અસત્ હોવાથી અવિદ્યમાન ઘટાદિ કાર્ય થઇ શકે નહિં. અને જો અવિદ્યમાન થતું હોય તો ખરશૃંગ અવિદ્યમાન છે તે પણ થવું જોઇએ, માટે સત–વિદ્યમાન હોય છે તે થાય છે અને જે વિદ્યમાનની ક્રિયાને નિત્યતા–અપરિસમાપ્તિ તથા નિષ્ફળતા આદિના દોષોથી દૂષિત કરવામાં આવી છે, તે દોષો અસત–અવિદ્યમાનની ક્રિયાને માટે પણ સરખા જ છે એટલું જ નહિં પણ અછતું તો શશશૃંગની જેમ અસત્ હોવાથી બની શકતું જ નથી એટલે તેના માટે ક્રિયાની અત્યંત અનાવશ્યકતા છે. પણ સત–વિદ્યમાન માટે તો અવસ્થાંતર પ્રાપ્ત કરાવવાને ક્રિયા કરાય છે; જેમ કે–બે જણ બેઠા હોય ત્યાં ત્રીજો માણસ આવીને કહે કે જગ્યા કરો, એટલે બેઠેલા જરા ખસીને કહે છે કે–લો, જગ્યા થઇ ગઇ, બેસો. કોઇ માણસ ઊભો હોય કે બેઠો હોય તેને કહેવામાં આવે કે પીઠ કરો એટલે તે માણસ સન્મુખ ઊભો હોય તો મોં ફેરવી લે છે વિગેરે અહિં જગ્યા અને પીઠ વિદ્યમાન છે છતાં અવસ્થાંતર પ્રાપ્ત કરાવવાને માટે ક્રિયાને અવકાશ હોય છે. આવી જ રીતે તે વ્યવહારમાં છતી વસ્તુને માટે ક્રિયા કરવાના અનેક પ્રસંગ જેમ દૃષ્ટિગોચર થાય છે તેમ અછતી વસ્તુને માટે ક્રિયા કરવાનો એકેય પ્રસંગ કયાંય પણ દૃષ્ટિગોચર થતો નથી.

જમાલી, કુંભાર માટી લાવે છે ત્યારથી ઘડો બનવાની શરૂઆત માને છે અને જ્યાં સુધી ઘડો દેખાય નહિં ત્યાં સુધી થાય છે એમ માને છે, પણ ઉપર કહ્યું તેમ ઘડો બનવાની ક્રિયાની શરૂઆત જે સમયે ઘડો દેખાય છે તે સમયે જ થાય છે. તેના પહેલાં તો પ્રત્યેક સમયમાં થવાવાળા કાર્યોની ક્રિયાની શરૂઆત થાય છે કે જેની સમાપ્તિ તે જ ક્ષણે કાર્યોત્પત્તિની સાથે જ થાય છે. આ પ્રમાણે ઘડો દેખાતા સુધીમાં અસંખ્યાતા કાર્યો થઇ જાય છે. અને તે તે કાર્યની ઉત્પાદક ક્રિયા પણ ભિન્ન હોવાથી અસંખ્યાતી થાય છે કે જેનો નિષ્ઠાકાળ ( સમાપ્તિ ) એક જ સમયનો હોય છે. આ નિયમને અનુસરીને જ અંતિમ સમયમાં ઘટોત્પત્તિની ક્રિયા અને ઘટોત્પત્તિ થાય છે.

ક્રિયાના સમયમાં કાર્ય ન માનીને ક્રિયાની સમાપ્તિ થયા પછીના સમયમાં કે જ્યાં ક્રિયાનો અભાવ હોય છે ત્યાં કાર્ય માનવામાં આવે તો ક્રિયાની શરૂઆત પહેલાં કાર્ય દેખાવું જોઇએ, કારણ કે ક્રિયાની સમાપ્તિ પછી અને શરૂઆતના પહેલાં ક્રિયાનો અભાવ સરખો જ છે, છતાં ક્રિયાની સમાપ્તિ પછી કાર્ય દેખાય અને શરૂઆત પહેલાં ન દેખાય

તેમાં કોઇ પણ નિયામક નથી. અને જો ક્રિયા હોય ત્યાં સુધી કાર્ય ન થાય તો ક્રિયા-કાર્યની બાધક બની અર્થાત્ ક્રિયા કાર્યોત્પત્તિમાં વિઘ્ન નાંખનારી થઇ અને તેથી કાર્યને ક્રિયાની જરૂરત ન રહી, કાર્ય સ્વતંત્ર બન્યું. આ પ્રમાણેનો જો નિયમ હોય તો પછી કોઇ પણ કાર્ય માટે ક્રિયા કરવાની આવશ્યકતા જ રહેતી નથી. ક્રિયા વગર જ કાર્ય થાય છે અને જો એમ થાય તો પછી મુક્તિ મેળવનારને જપ-તપ-સંયમ આદિ ક્રિયા કરવાની જરૂરત રહેતી નથી. તે વગર પણ મુક્તિ પ્રાપ્ત થઇ શકે છે, પણ આ પ્રમાણે તો કોઇને પણ ઇષ્ટ નથી તેમજ ક્રિયા વગર કોઇએ પણ મુક્તિ મેળવી હોય તેવું કયાંય પણ દૃષ્ટિગોચર થતું નથી. અને જો ક્રિયા કાર્યની સાધક હોય અર્થાત્ ક્રિયા તથા કાર્યનો નિત્ય સંબંધ હોય, ક્રિયા વગર કાર્ય થઇ શકતું જ ન હોય તો પછી ક્રિયાના સમયમાં જ કાર્ય થવું જોઇએ. ક્રિયા તથા કાર્ય ભિન્ન સમયમાં રહી શકતાં જ નથી. આ પ્રમાણે ક્રિયમાણ એટલે વર્તમાન ક્રિયાના ક્ષણમાં થવાવાળું કાર્ય નિયમથી કૃત જ છે અને જે કૃત છે તેમાં નિયમ નથી, વિકલ્પ છે અર્થાત્ કૃત-ક્રિયમાણ પણ છે. એટલે કે માટીના પિંડાને ચાક ઉપર ચઢાવીને કરવામાં આવતી ક્રિયાના સમયમાં કાંઇક થયું હોય તે કૃત-ક્રિયમાણ કહેવાય છે અને ચાક તથા નિંભાડામાંથી ઉતર્યા પછી થયેલું ઘટાદિ કાર્ય તે કૃત-કૃત કહેવાય છે પણ ક્રિયમાણ કહેવાતું નથી.

જમાલીને મિથ્યાત્વના ઉદયથી પ્રભુના ક્રિયમાણ કૃતનું સાચું રહસ્ય સમજાયું નહિં તેથી તેનો નિષેધ કર્યો, પણ જો નય દૃષ્ટિથી વિચાર કર્યો હોત તો સાચી રીતે સમજાઇ જાત કે ઋજુસૂત્ર-નિશ્ચયનયની અપેક્ષાથી 'ક્રિયમાણ કૃત' હોઇ શકે છે. પ્રભુનો ક્રિયમાણ કૃત કહેવાનો આશય ઋજુસૂત્ર નયની અપેક્ષાથી છે, કે જે નય નષ્ટ થયેલા ભૂત ક્ષણને અને થવાવાળા ભવિષ્યને માનતો નથી પણ વર્તમાન ક્ષણને જ માને છે. બાકી વ્યવહાર નયથી તો 'ક્રિયમાણ-અકૃત'નો પ્રભુ નિષેધ કરતા નથી, પરંતુ કર્મને આશ્રયીને જ 'ચલમાણે ચલિએ' ચાલતું હોય તે સમયે ચાલ્યું, ઉદિરાતું હોય તે સમયે ઉદીર્યું, વેદાતું હોય તે સમયે વેદ્યું તથા નિર્જરતું હોય તે સમયે નિર્જર્યું ઇત્યાદિ સૂત્રો કહ્યાં છે તે નિશ્ચયનયના મતથી જ છે. ત્યાં વ્યવહાર નયને અવકાશ નથી, માટે નિશ્ચયના મતથી તો સંથારો પથરાતો હતો ત્યારે સાધુઓએ જમાલીના પૂછવાથી પાથર્યો કહ્યો તે ઉચિત જ હતું; કારણ કે સંપૂર્ણ સંથારો પાથરવાની ક્રિયાની શરૂઆત તો અંતિમ સમયમાં થાય છે, તેના પહેલાં તો જે ક્ષણે જે આકાશપ્રદેશમાં સંથારાના અવયવો પથરાય છે તેટલો સંથારો પાથર્યો કહેવાય છે. અર્થાત્ જે સમયમાં સંથારાનો જે અવયવ પથરાયો હોય તેને પાથર્યો કહેવો. પ્રથમ ક્ષણથી જ સંપૂર્ણ સંથારો પાથરવાની ક્રિયા થતી નથી પણ સંથારાના અન્ય અવયવ પાથરવાની ક્રિયા થાય છે તે પ્રત્યેક ક્ષણમાં અન્ય અવયવો પાથરવાની ક્રિયાની સાથે જ તે તે અવયવો પથરાવાથી પાથર્યો કહી શકાય છે અને અંતિમ સમયમાં સંપૂર્ણ સંથારો પાથરવાની ક્રિયા થાય છે ત્યાં સંપૂર્ણ સંથારો પથરાયલો કહેવાય છે, માટે પથરાતો હોય તો સંથારો પાથર્યો કહી શકાય. જમાલી એકાંત દૃષ્ટિથી વ્યવહારને માની નિશ્ચયનો નિષેધ કરતાં કહે છે કે જેમ ઘડો કપડું ન કહેવાય અને

કપડું ઘડો ન કહેવાય તેમ ક્રિયમાણ કૃત ન કહેવાય અને કૃત ક્રિયમાણ ન કહેવાય. બંનેનો નિશ્ચિત ભેદ છે અર્થાત્ બંને સર્વથા ભિન્ન છે. તેને જો એક માની લેવામાં આવે તો છતાને કરવાનો પ્રસંગ આવે, ક્રિયા વિરામ પામે નહિં, પ્રથમ સમયમાં જ કાર્ય દેખાય, ક્રિયા નિષ્ફળ જાય અને લાંબા વખત પછી કાર્ય દેખાય છે તે બની શકે નહિ. એકાંત નિશ્ચિત ભેદ માનીને જમાલી આ પ્રમાણેની દલીલો કરે છે, પણ વિચાર કરતાં તે બરાબર નથી, કારણ કે સર્વથા અસત્‌ને કરવાપણું હોય તો પછી અછતું સમાન હોવાથી આકાશપુષ્પને પણ કરવાપણાનો પ્રસંગ ઉપસ્થિત થાય છે. તેમજ સર્વથા અછતું થતું હોય તો માટીના પિંડથી ખરશૃંગ પણ બનવું જોઇયે, કારણ કે જેવી રીતે અછતો ઘડો થાય છે તેવી રીતે ખરશ્રૃંગ પણ અછતું થવામાં બાધ આવી શકતો નથી માટે કથંચિત્ સત્ હોય છે તે જ થાય છે. બીજું ક્રિયાની અપરિસમાપ્તિ માનવામાં આવી છે તે પણ ઠીક નથી, કારણ કે ક્રિયા એક વિષય ( કાર્ય ) સંબંધી હોય છે અને ભિન્ન વિષય સંબંધી પણ હોય છે. તેમાંથી જો એક વિષયની ક્રિયા હોય તો પણ દોષ આવી શકતો નથી. કેમકે જેઓ કૃત ક્રિયમાણ માને છે તેમના મનથી તો તૈયાર થયલું જ કૃત કહેવાય છે માટે તેને જો કરવાનું માનવામાં આવે તો તેમને ક્રિયાનો અનુપરમ( અવિષમ )પણાનો દોષ આવી શકે છે. પણ ક્રિયમાણ કૃત માનવાથી આ દોષ નથી આવી શકતો કારણ કે ક્રિયાની શરૂઆતના સમયે જ કૃત માનવામાં આવ્યું છે. અને તે ક્રિયાની શરૂઆત તથા સમાપ્તિ એકજ સમયમાં થવારૂપ છે. આવી રીતે પણ કૃત તથા ક્રિયમાણ અર્થાત્ ક્રિયા અને કાર્યની ઐકયતામાં કૃત–સત્ હોવાથી સતને કરવાનો પ્રસંગ ટળી શકતો નથી એવો જો આગ્રહ સેવાતો હોય તો તે સમજફેર થાય છે, કારણ કે જેણે પહેલાં સત્તા પ્રાપ્ત કરી હોય–કાર્ય વિદ્યમાન હોય અને પછી ક્રિયા કરવામાં આવે તો જ કૃતને કરવાનો પ્રસંગ આવી જાય પણ જેણે ક્રિયાના સમકાળમાં જ સત્તા પ્રાપ્ત કરી હોય તેના માટે આ દોષ આવી શકતો નથી. જો ભિન્ન વિષયની ક્રિયા માનવામાં આવે તો ક્રિયાના અવિષમપણાનો દોષ આવી શકે જ નહિ, કારણ કે પ્રત્યેક સમયમાં ભિન્ન ભિન્ન કાર્યોના કારણપણે સતત ક્રિયા ચાલુ જ રહેવાની અને ક્રિયમાણ કૃતની સાધક છે. ક્રિયમાણ કૃત પ્રત્યેક સમયમાં હોય છે તો પછી અંતિમ સમયમાં ઘટ કાર્ય તે પ્રથમ, આદિ સમયોમાં જણાવું જોઇએ એમ જે કહેવામાં આવ્યું છે તે પણ બની શકતું નથી, કારણ કે પ્રથમ સમયમાં સિવકની શરૂઆત થાય છે એટલે તે દેખાય છે. તેવી જ રીતે દ્વિતીય–તૃતીય આદિ ક્ષણોમાં ભિન્ન ભિન્ન કાર્યોની શરૂઆત થાય છે અને તે દેખાય છે, અંતિમ સમયમાં જ ઘટની શરૂઆત થાય છે એટલે ત્યાં જ ઘટ કાર્ય દેખાય છે. કારણને અનુસરીને કાર્ય થાય છે. ભિન્ન કારણથી ભિન્ન કાર્ય બની શકે નહિ. સિવક–સ્થાસ–કોશ–કુશુલ આદિ કાર્યોનો આરંભ થયો હોય ત્યાં સિવિક આદિ જ બને પણ ઘટ બની શકે નહિ, અર્થાત્ અન્યના આરંભમાં અન્યની ઉત્પત્તિ થઇ શકે નહિ. અને જે ક્રિયાની નિષ્ફળતા બતાવી છે તે પણ ઠીક નથી. કૃત–ક્રિયમાણ–વિદ્યમાનને કરવામાં આવે તો ક્રિયા નિષ્ફળ થાય પણ ક્રિયમાણ કૃત એટલે

ક્રિયાના સમયમાં જ કૃત હોય ત્યાં કાર્ય ક્રિયાની અપેક્ષા રાખવાવાળું હોવાથી ક્રિયા નિષ્ફળ જતી નથી, અને ક્રિયાની શરૂઆત પછી લાંબે વખતે જે ઘડો દેખાય છે તેનું કારણ ઘટોત્પત્તિ સુધીમાં બીજાં અનેક કાર્યો થાય છે તેમાં ઘડો થાય છે એવું લક્ષ્ય હોવાથી તેને લાંબે કાળે ઘટ જણાય છે, નહિં તો અંતિમ સમયમાં ઘટોત્પત્તિની ક્રિયા થાય છે માટે પ્રથમના ક્ષણ ઘટોત્પત્તિના નથી, પણ અંતિમ ક્ષણ ઘટોત્પત્તિનો છે. જે ક્ષણે જે કાર્ય દેખાય તે ક્ષણે તે કાર્યની આરંભ ક્રિયા હોય છે પણ જે કાર્ય દેખાતું ન હોય તેની આરંભક નથી માટે કોઇ પણ કાર્યને અનુલક્ષીને ક્રિયાની શરૂઆત કરી હોય અને ધારેલા કાર્યથી ભિન્ન કાર્યો દેખાય ત્યાં સુધી ધારેલા કાર્ય માટે ક્રિયાની શરૂઆત સમજવી નહિં. જ્યારે ધારેલું કાર્ય દેખાય ત્યારે જ તેની શરૂઆત જાણવી.

નિશ્ચય તથા વ્યવહારને આશ્રયીને ( કથંચિત્ ) જો ક્રિયમાણ–કૃતનો નિશ્ચિત ભેદ માનવામાં આવે તો કોઇ પણ પ્રકારનો બાધ નડતો નથી. નિશ્ચય નયથી, ક્રિયમાણ તથા કૃતનો અભેદ છે પણ વ્યવહાર નયથી કૃત તથા ક્રિયમાણના અનેક પ્રકાર છે. ક્રિયમાણ કૃત જ છે, કૃત ક્રિયમાણ જ છે, ક્રિયમાણ ક્રિયાના વખતે હોય છે અને ક્રિયા વિરામ પામ્યા પછી અક્રિયમાણ હોય છે. વ્યવહારથી જે અંત્ય સમયમાં કાર્ય મનાય છે ત્યાં પ્રથમ સમયે પણ અંશે કાર્યની ઉત્પત્તિ હોય છે. જો પ્રથમ સમયમાં કાર્યનો અંશ ન હોય તો અંત્ય સમયે કાર્યોત્પત્તિ થાય નહિં. ભલે પછી તે અંશ અન્ય રૂપે કેમ ન દેખાય. જો પ્રથમ તાંતણાના પ્રવેશસમયે કપડાંનો અંશ ન હોય તો છેલ્લા તાંતણાના પ્રવેશથી કપડું થાય નહિં, માટે બીજા ત્રીજા તાંતણાના સંયોગથી પ્રત્યેક ક્ષણે થોડું થોડું કપડું બનતું જાય છે અને તે અંત્ય તાંતણાના પ્રવેશસમયે સંપૂર્ણ કપડું દૃષ્ટિગોચર થાય છે. જે જેની ક્રિયાના પ્રથમ સમયમાં ન હોય તે તેની ક્રિયાના અંત્ય સમયમાં પણ હોતું નથી. ઘટ ક્રિયાના આદ્ય સમયમાં પટ હોતો નથી એટલે જ અંત્ય સમયમાં પણ પટનો અભાવ જ હોય છે. જેમ ઝાડ અને થડ પરસ્પર વિરોધી નથી તેમ કૃત અને ક્રિયમાણનો પણ પરસ્પર વિરોધ નથી. જેનો જેની સાથે નિત્ય સંબંધ હોય છે તે તેનાથી એકાંતે ભિન્ન હોતું નથી. જેમ ઝાડ અને થડ કથંચિત્ ભિન્ન છે તેમ ક્રિયમાણ અને કૃત અભિન્ન હોવાથી સત–વિદ્યમાન હોય છે તે થાય છે.

હિંમત નરમાં હોય તો, આણે દુઃખનો અંત;
થાય પ્રસિદ્ધિ પૃથ્વીમાં, વળી થાય ધનવંત.
કાયા બગડે કેફથી, અવગુણ થાય અપાર;
અક્કલહીણપણું પામીએ, નાવે ભવનો પાર.

# મારી મુસાફરી

લેખક :—દિનેશ

## પ્રકરણ ૧ લું

હું કયાંનો રહેવાસી છું ? કયારથી મેં મુસાફરી શરુ કરી છે ? કયાંનો હું પ્રવાસી ? વગેરે પ્રશ્નો પ્રથમથી જ તમે મને પૂછશો તો તેના સંતોષકારક ઉત્તરો હું નહિ આપી શકું, કારણ કે મારું રહેઠાણ નિયત નથી. થોડો વખત વિતતો નથી ને મારું સ્થાન બદલાઇ જાય છે. એક રીતે કહું તો તમે બધા જ્યાં રહો છો ત્યાં જ હું રહું છું. મારા પ્રવાસનો પ્રારંભ સંવત્ –૦–શૂન્યથી થયેલો છે. અર્થાત્ તમે જે પૂછયું કે કયારથી મેં મુસાફરી શરુ કરી છે ? તેનો પ્રત્યુત્તર શૂન્યમાં જ પરિણમે છે. મારી મુસાફરીની શરુઆત જ નથી.

હું કયાંનો પ્રવાસી છું ? એનો વિચાર અત્યાર સુધી મને પણ આવ્યો ન હતો. જેના ભાગ્યમાં જ્યાંસુધી હંમેશને માટે પરિભ્રમણ જ લખાયું હોય તેને એવા વિચારો કયાંથી સૂઝે ?

પણ જ્યારે પૂછો છો ત્યારે કહું કે જ્યારથી હું સમજણો થયો છું ત્યારથી મેં એક એવું નગર સાંભળ્યું છે કે જ્યાં રોગ નથી, શોક નથી, દુઃખ નથી, આધિ નથી, ઉપાધિ નથી, એ નગર, અહિંથી દૂર કહો તો દૂર ને નજીક કહો તો નજીક છે.

ત્યાં જવાનો માર્ગ ઘણો જ સીધો ને સરલ છે પણ તે હાથમાં આવવો બહુ મુશ્કેલ છે.

તે નગરને–'શિવપુર' કહે છે. ત્યાં જવાનો મેં દૃઢ નિશ્ચય કર્યો છે, માટે મને શિવપુરના પ્રવાસી તરીકે ઓળખશો તો હરકત નથી. હવે મૂળ વિષય ઉપર આવતા મને જ્યાંસુધીની જાણ છે ત્યાંસુધીની મારી મુસાફરીના રોમાંચક પ્રસંગો હું તમને કહી સંભળાવું.

**અવ્યવહારુ વતનમાં—**

શરુઆતનો મારો ઘણો જ લાંબો કાળ અવ્યવહારુ વતનમાં વીત્યો. તે વતનમાં અહિં જે રીતે લેવડદેવડ–ખાનપાન–એશઆરામ–સુખદુઃખ વગેરે અનુભવાય તેવું કાંઇ પણ નથી.

અમને ત્યાં બે જાતનાં સુખ હતાં. એક તો હરવાફરવા માટે જગ્યા અતિ વિશાળ હતી. જો તમે જાણતા હો તો–જે લોક કહેવાય છે ને એવા ચૌદ રાજલોકની ઊંચાઇ અને લંબાઇ–પહોળાઇ તો વધારેમાં વધારે સાત રાજલોક ને ઓછામાં ઓછી એક રાજલોકની તે વતનની હતી–છે. એવા વિસ્તૃત ક્ષેત્રમાં કોઇ પણ સ્થળે જવા, આવવા, રહેવાની અમને છૂટ હતી. જો કે એક સ્થળેથી બીજે સ્થળે જતાં પહેલાં અમારે 'ટીકીટ' તો લેવી જ પડતી. એ 'ટીકીટ' લેવા માટે અમારી પાસે બીજી કાંઇ મૂડી કે મિલ્કત ન હતાં કે જે અમે આપીએ. કિંમત વગર કાંઇ મફત 'ટીકીટ' થોડી જ મળે છે, એટલે આખર મૂલ્ય તરીકે અમે અમારા પ્રાણ સમર્પણ કરતા ને 'ટીકીટ' ફડાવી બીજે સ્થળે જતા. આવું

અમારે વારંવાર કરવું પડતું. વારંવાર એટલે તમે સમજો છો ? નહિં સમજતા હો. જુઓ, તમે આખ મીંચી ઉઘાડો છો એટલા સમયમાં કોઇકોઇ વાર અમે સત્તર વખત જુદેજુદે સ્થળે જઇ આવ્યા હોઇએ.

તમે કદાચ પૂછશો કે, આવાં મોંઘા મૂલ્યો ચૂકવીને વારંવાર ફરવાની શી જરૂર ?

પણ ત્યાંના રહેઠાણ અને રહેનારની વાત સાંભળો તો તમને પણ એમ જ થાય કે ત્યાં એક ક્ષણ પણ રહેવાય નહિં.

જુઓ ત્યાં નાનામાં નાના ઓરડામાં અમે અનન્તાન્ત મુસાફરો રહેતા. રહેતા તો કેવી રીતે ? એકબીજા એકબીજામાં સમાઇને. કોઈએક નાના ઓરડામાં કે જ્યાં દશ જણ જ બેસી શકે એવું હોય તેમાં સો જણ ભરાય તો કેવું થાય ? ત્યાં ક્ષણ પણ રહેવું ગમે ? ન જ ગમે, જલદી બહાર નીકળવાનું થાય. એના કરતાં પણ વધારે–અત્યન્ત વધારે ભીડમાં અમારે રહેવાનું હતું. કહો, હવે અમે શું કરીએ ? પ્રાણ તો પ્રાણ આપીને પણ બહાર નીકળવા સિવાય બીજો કોઇ માર્ગ છે ?

એટલું છતાંએ તે વખતે અમે એટલા તો જડ અને મૂર્ખ હતા કે એક સ્થળેથી જે બીજે સ્થળે અમોને મોકલવામાં આવતા ત્યાં પણ આની આ જ સ્થિતિ હતી. કેટલીએ વખત અમે પ્રાણ આપીને ટીકીટ કઢાવીએ છતાં એ ટીકીટ તો ત્યાં ને ત્યાં જ રહેવાની હોય. આવી છેતરપીંડી થાય તેની પણ અમને સમજ ન પડે.

અમને ત્યાં બીજું સુખ એ હતું કે અમારું શરીર અતિશય સૂક્ષ્મ અને નાનું હતું. એ શરીરમાં વિશેષતા એ હતી કે ન તો કોઇ એને છેદી–ભેદી શકે કે ન કોઈ તેને બાળી–પલાળી શકે. શરીરના એ સુખ પાછળ દુઃખ તો હિસાબ વગરનું હતું. એવા નાના શરીરે પણ અમારે અખૂટ કર્મ–કાર્યનો બોજો વહન કરવો પડતો.

આ સર્વ મુશ્કેલીઓને અંગે અમારી ચેતના લગભગ સર્વ અંશે દબાઇ ગઈ હતી. ફક્ત અમે ચેતન છીએ એટલી ઓળખાણ સિવાય જડ અને અમારામાં કાંઇ ફેર ન હતો.

આવી પરિસ્થિતિમાં અને આવા વતનમાં અમે અમારા જીવનનો મોટો ભાગ પસાર કર્યો. પરાધીનપણે લાંબો કાળ રહેવાથી કાંઇપણ ઉન્નતિ થઇ શકતી નથી, માટે અમારા એ વખતના અનુભવો તુચ્છ અને નહિં જેવા છે. અત્યારે તો અમને એમાંનું કાંઇપણ સાંભરતું નથી.

આ તમને અમે જે હકીકત કહી તે પણ તે સમયના અમારા સાથીદારો જેઓએ પૂર્ણ વિકાસ સાધી પરતન્ત્રની સત્તા સમૂળગી ઉખેડીને પૂર્ણતા પ્રાપ્ત કરી છે, તેમણે આ બધું યાદ કરી આપ્યું છે, તેને આધારે અમે પણ તમને સંભળાવીએ છીએ.આગળ પણ મુસાફરીની હકીકતોનો મોટો ભાગ એ આધારે જ જણાવીશ.

# વ્યવહાર કૌશલ્ય

(૨૬૫)

**કોઇ બાબતથી દૂર નાસવામાં કોઇ જાતનો માલ નથી; તમે દૂર નાસી શકતા જ નથી, કારણ કે તમે પોતે ગમે તેટલા નાસો, પણ તે બાબત કે વસ્તુ તો તેમ છતાં પણ ત્યાં જ છે.**

પોતાને ન ગમે તેવા માણસને મળવાનું થતાં, પોતે ન ઇચ્છે તેવા સંયોગોમાં આવી પડતાં, પોતાના પ્રતિસ્પર્ધી સામે સખ્ત ખૂણામાં દબાઈ જતાં કે કોઇ ક્રોધી જ્વાળામુખી કે માનહાથી પર ચઢેલા, ખીસાના તર પણ મગજના ખાલી માણસનો, અણધાર્યો અણ-ઇચ્છયો ભેટો થઇ જતાં માણસ તેનાથી દૂર નાસી જવા ઇચ્છે છે. એને એમ થાય છે કે અહીં ક્યાં આવી ભરાણું? આવા સંયોગોમાં કયા ભોગે ભટકાઇ ગયા? અને પછી પોતે ત્યાંથી નાસી છૂટવા કે તેને વટાવી દેવા માણસ વલખાં મારે છે, પણ એ ટૂંકી બુદ્ધિની કે ઓછી વિચારણાની વાત છે, એમાં લાંબી નજર, વિશાળ આવડત કે વ્યવહારલક્ષ્યી-પણાનો ઉઘાડો અભાવ દેખાઇ આવે છે. તમે ભાગી નાસીને ક્યાં જશો? તમે એમ માનતા હો કે તમે સંયોગ કે મેળાપને દૂર કરશો તો તેમાં તમારી ભૂલ થાય છે. શેઠ આંખો મીંચી માંદાનો દેખાવ કરી ઓઢીને સૂતા અને માન્યું કે માગવા માટે આવેલ માણસ ચાલ્યો ગયો હશે અને નોકર પગ દાબતો હશે, એટલે પૂછાઇ જવાણું કે "બલા ગઇ?" જવાબમાં પગચંપી કરનારે જવાબ આપ્યો કે "શેઠ! બલા તો **પગે વળગી** છે"—આ વાળી વાત છે.

ભાગવા નાસવાથી કે દૂર જવાથી કે આંખો મીંચવાથી બલા જતી નથી. કદાચ તમે દેશ્યા જાઓ તો પણ એ તો એ સ્થાન પર, એ સંયોગોમાં જીવતીજાગતી બેઠી જ છે, એટલે તમારા નાસી જવાનો કાંઇ અર્થ નથી. ખરા હો તો મરદ થઇ જાઓ, આવી પડતી અગવડ કે આફતને વળગી પડો, એની સાથે ઝઝુમો, એનો સામનો કરો અને એના પર સામ્રાજ્ય સ્થાપો. નાસી છૂટયું નાસી શકાતું નથી અને નાસવાથી ઉપાધિ કે અગવડ મટી શકતી નથી. એ તો તમારી રાહ જોઇને ત્યાં બેઠી છે અને તમે પાછા આવ્યા કે એ તમને વળગી જશે અને એનો આકરો વળગાડ તમને ગૂંચવી નાખશે અને અસાવધ અવસ્થામાં તમારા ઉપર આક્રમણ કરશે માટે માટી થઇ જાઓ, પાકા ભાયડા બની જાઓ અને આવી પડેલી પરિસ્થિતિને વગર સંકોચે ભેટી લો. તમારામાં સત્તાગતે અનંત શક્તિઓ છે, છુપાયલી હોવા છતાં તે ત્યાં પડેલી છે, તેને અપનાવો અને નાસવાને બદલે ભેટો કરી તેને કબજે કરી લો. દઢ નિર્ણય અને આત્મવિશ્વાસ પાસે કોઇ **ચીજ અશકય નથી** અને નામર્દની જેમ નાસી છૂટવાના વિચાર સરખું અન્ય પાપ નથી, માટે એક વાર હંમેશને માટે ઝઝુમી લો, ભડવીર બની જાઓ અને મર્દને છાજે તેવા હલકા વિચારને તિલાંજલી આપી દો. હિમતે મરદા તો મદદે ખુદા તૈયાર છે, એ વાતનો પાકો વિશ્વાસ રાખજો. અંતે જય તમારો છે.

---

**It never does one good to run away from anything. You can't do it because the thing is still there no matter how far you run. I–9–45.**

( ૨૬૬ )

## અભ્યાસમાં પોતામાં કાંઈ ખાસ માલ નથી.

### અભ્યાસ એ સાધ્ય નથી, સાધ્ય માટેનું સાધન છે. જો વાંચનમાંથી કાંઇ ચોક્કસ વાત ન નીકળી આવે તો એ વાંચનનો શો અર્થ છે ?

ગમે તેટલાં પુસ્તકો વાંચી નાખવામાં આવે, સારા સારા વક્તાઓના ફકરા ગોખી નાખીને પોપટની જેમ બોલી નાખતા આવડે, તર્કના વાદવિવાદમાં રમઝટ બોલાવતાં આવડે કે પૂર્વ પક્ષ ઉત્તર પક્ષમાં કલાકોના કલાકો પસાર કરવામાં આવે કે ભૂમિતિના મનોયત્નો કરવામાં કે વિજ્ઞાનના પ્રયોગો કરવામાં દિવસો પસાર કરવામાં આવે પણ એમાંથી કાંઇ સાર ન નીકળે તો એ અભ્યાસનો અર્થ શો છે ?

અને છાપા વાંચવામાં, નવલોનાં પૃષ્ઠો પટપટી જવામાં કે કાવ્યો, નાટકો કે ઉશ્કેરાટ કરનાર કે એકાગ્રતા કરનાર છૂપી પોલિસની વાતો વાંચવામાં મધરાત સુધીનો સમય જાય, પણ એમાંથી કાંઇ સાર કે રહસ્ય ન સાંપડે તો એવા વાંચનનો અર્થ શો છે ?

અભ્યાસ કે વાંચન એ તો માત્ર સાધનો છે, એને માત્ર સાધ્ય માનવાની ભૂલ કરવી ન પાલવે. વૈયાકરણી બાર વર્ષે થવાય અને મુક્તાવલિ કરવામાં બીજાં બાર વર્ષ જાય અને ઘરડે ઘડપણે એ અભ્યાસનું ફળ જીવંતસ્વરૂપે વર્તનમાં ન દેખાય તો એવા પ્રકારનો અભ્યાસ કે એવું વાંચન માત્ર મહિમા ગવરાવનાર છે, ખોટી પ્રશંસા આણનાર છે, ઉપરથી આવી ચાલી ગયેલા અસર વગરના પાણીના પ્રવાહ છે. વરસાદ આવ્યો, પથ્થર પર પાણી પડી ગયું, વરસાદ ગયો, તડકો થયો એટલે પથ્થર તો પાછો કોરો ધાક્કોર થઇ ગયો અને એને તો ' એ ભગવાન એના એ ' રહ્યા ! એમાં વળ્યું શું ? મોટી મોટી કથાઓ કહેનાર, મોટા ધર્માધ્યક્ષ સ્થાને ઉપદેશ દેનાર, વાદવિવાદમાં સભા જીતવાનો દાવો કરનાર, શાક લેવા જાય ત્યાં વગરસંકોચે કાછીઆની બે પૂળી ખેંચી લે કે તોલ બહારના બે ભીંડા પોતાના ખરીદેલા માલમાં મૂકી દે, તો એનો અભ્યાસ, ઉપદેશ, વાંચન કે ચર્ચા ફોફાં છે, માલ વગરનાં છે, હેતુ કે અર્થ વગરના છે, ઉદ્દેશ ભૂલેલાં અર્થહીન પરપટારા છે. અભ્યાસ કે વાંચનની અસર જીવન પર સીધી પડવી જોઇએ, અભ્યાસનો રંગ આચારમાં દેખાવો જોઇએ, વાંચનની છાયા આંતરવિકાર પર પડવી જોઇએ. એ ન હોય તો સમજવું કે ગધેડા પર ગમે તેટલાં ચંદનનાં લાકડાં ખડકયાં હોય, તેનો ભારનો ભાગીદાર ગધેડો થાય છે, પણ સુગંધ એને મળતી નથી. માત્ર દેખાવ માટે અભ્યાસ કરનાર જ્ઞાનના ભારનો ભાગીદાર થાય છે, પણ જીવન પર એની અસર ન થઇ હોય તો એના અંગેનું જ્ઞાન નિષ્ફળ નીવડયું છે એમ સમજવું. અભ્યાસ કે વાંચનની સીધી અસર બાહ્ય અને આંતર જીવન પર પડવી જોઇએ, એની છાયા પ્રત્યેક જીવનપ્રસંગમાં ઝળકવી જોઇએ અને પ્રત્યેક વિકાર સેવતી વખતે પ્રમાણમાં સંયમ દેખાવો જ જોઈએ. ચારિત્ર, વર્તન એ તો અભ્યાસ અને વાંચનનાં ફળ છે, સંયમ એ એના સાચાં પુષ્પો છે અને જીવનસરિતાનો પ્રવાહ એ એનો પરાગ છેઃ સાચું ભણો, સાચું વાંચો.

---

There is no virtue in study by itself. Study is not an end but a means What is the object of reading unless something definite comes out of it. ( 8-10-45 )

## ( ૨૬૭ )

## પોતાને ગમે તે કરવું એ જીવનનું ગુપ્ત રહસ્ય નથી; પણ પોતાને જે કરવું પડે તે ગમવાનો પ્રયત્ન કરવો–તે છે.

ગરીબને ઘેર જન્મ થાય તો છોકરીને વાસીંદાં વાળવા પડે, પાણી ભરવું પડે, કપડાંનો ઢગ લઇ પાણી ઓવારે ધોકો લઇ તેને ઢીબવાં પડે અને ઘરનાં નાનાં મોટાં કામ કરવાં પડે, અને ઘરનો એંઠવાડ પણ કાઢવો જોઇએ. ગરીબ માણસને સિપાઇગીરી કરવી પડે, ચીઠ્ઠી લઇને દોડવું પડે અને તુમાખી શેઠના ગણગણાટ સાંખવા પડે. આવી રીતે લેખકને, વેપારીને, નોકરને, શેઠને, મહેતાજીને, સઇને, સુતારને, કુંભારને, કંદોઇને અનેક જાતનાં ન ગમે તેનાં કામ આવી પડે છે, જે કામ કરવાની ફરજ પડે, જે કામમાં પોતાનું કે પોતાનાંઓનું હિત હોય, જે જોનારને ગમે તેવું હોય કે તેથી ઊલટું હોય; પણ આપણા સંયોગ, વખત અને પરિસ્થિતિને અંગે **પોતા ઉપર આવે તે કામ કરવામાં મોજ લેવી જોઈએ.** કોઇ કામ સ્વતઃ ખરાબ નથી, સ્વતઃ સારું નથી. એને કરતી વખતે તેને અંગે પોતાનું જે **માનસિક વલણ** વર્તે તે **પ્રમાણે** તે સારું કે ખરાબ તે કામ થઈ જાય છે. આપણે એને ઢસરડો માનીએ તો એ આપણા મગજ પર બોજો કરે છે, આપણને એનો ભાર લાગે છે, આપણે કોચવાતે મને પરાણે સંકોચ દિલથી કરવું પડે છે. આમ થાય તેમાં આખી જિંદગીની આખી મોજ મારી જાય છે, વાત આખી બગડી જાય છે અને અંતરંગ બેદીલ બની જાય છે. બાકી હસતાં, મ્હોં મલકાવતાં, હરખભેર ગમે તેવાં મોટાં મોટલાં ઊચકવાં પડે, કે આખો દિવસ ધમણ ધમાવવી પડે, હથોડાં ટીપવાં પડે કે ગરમ ચુનાનાં તગારાં ભરવા પડે, તો તેમાં મજા છે. અને તે રીતે જે આનંદ માણી શકે તેને જિંદગી રમત જેવી સ્હેલી થઇ જાય છે.

વાત એ છે કે આપણને ગમે તેવી રીતે સંયોગોને આપણે વાળી શકતા નથી અને સંયોગ વિપરીત થતાં જેના મનમાં કલેશ થાય તે મોજ માણી શકતો નથી. જે કરવાની ફરજ આવી પડે તેમાં હોંસ પરોવવાથી, આનંદ કલ્લોલ માણવાથી, હસતે મ્હોંઢે તેનો સત્કાર કરવાથી, વાત હળવી બની જાય છે, કામમાં જીવ લાગે છે અને મગજનો થડકાવ અટકી જાય છે. આવું માનસ જે કરી જાણે, જે ફરજ રૂપે કરવાના કોઇ પણ કામમાં રસ લઇ શકે, રસ આણી શકે, રસમય પોતે થઇ જાય–તે જિંદગીને હાણીમાણી શકે છે, તેના રસ આસ્વાદી શકે છે. આવા માણસને સર્વ સંયોગોમાં લીલાલહેર વર્તે છે. એ તો બે મણ ભારના બોજા સાથે ડુંગરા ચઢી જાય છે અને વરસતે વરસાદે ખેતરમાં બી નાખે છે. એના કાન પાસે ગાન ગુંજારવ કરે છે અને એના કોસના પ્રત્યેક ખેંચાણે દુહા લલકારાય છે. જીવન માણવાનો આ કાયદો છે. આપણને **ગમે તે કરવું** એમાં **વાયદાઇ** છે, જે આવી પડે તે કરવામાં **મોજ** માણવી એમાં ગૌરવ છે, એમાં મહત્તા છે, એમાં રસજ્ઞતા છે, એમાં માણસાઇ છે, એમાં અનુભવીતા છે, એમાં કુશળતા છે. **મૌક્તિક**

The secret of life is not to do what one likes, but try to like what one has to do. ( 28-9-45 )

# મંત્રવિદ્યા અને ચમત્કાર

લેખક—શ્રી બાલચંદ હીરાચંદ-માલેગામ

( ગતાંક પૃષ્ઠ ૨૨૮ થી શરૂ )

## મંત્રવિદ્યાની ગુપ્તતા—

યોગમાર્ગના ગ્રંથો છે. કોઇક યોગિયો તેને અનુસરે છે. પણ એ માર્ગ સામાન્ય વિદ્યા નથી, પણ ગુરુપરંપરાના જાણકાર યોગીના પ્રત્યક્ષ સહવાસ અને માર્ગદર્શન વગર એની સિદ્ધિ થતી નથી. એટલે એ વસ્તુ અને માર્ગ સામાન્ય જનતા માટે ખુલ્લો ન હોય એ બનવાજોગ છે. જે આત્માઓ વધારે ચિવટથી અને અપરંપાર તાલાવેલીથી એમાં પ્રવેશ કરવા ઇચ્છા રાખે છે અને ગમે તે ભોગે ગુરુની શોધ કરી તે માર્ગે પ્રયાણ કરે છે તેને જ સિદ્ધિ પ્રાપ્ત થાય છે. અને તે માર્ગ હાથ આવી જાય છે ત્યારે તેની સિદ્ધિઓ તો પોતાની મેળે એની સેવા કરવા હાજર હોય છે. જ્યારે આવી સિદ્ધિઓ પેદા થાય છે ત્યારે તે સિદ્ધિઓ ચમત્કારમાં ખપે છે. અને સામાન્ય સૃષ્ટિથી પર એની માનસસૃષ્ટિ અને વિકાર કે વાસનાની સૃષ્ટિ તેના જોવામાં આવે છે. તંતુવાદ્યોમાંથી એકાદ વાદ્ય ઉપર ધ્વનિ આંદોલન કરાય ત્યારે તે જ સૂરમાં મેળવેલ બીજા તંતુવાદ્યોમાંથી પણ તેજ ધ્વનિની પરંપરા પેદા થાય છે. સામાન્ય મનુષ્ય જે સ્વરોનો અનુભવ કરી શકતો નથી તે સ્વરો ગાયકને સંભળાય છે. કારણ તેના કાન તે સ્વરો ગ્રહણ કરવા તૈયાર હોય છે. તેવી જ રીતે યોગી લોકો સામાન્ય માણસને જે સૃષ્ટિની કલ્પના સરખી પણ ન હોય તેમાં તે કાર્ય કરી શકે છે. તેમાં પોતાના આંદોલનો મોકલી શકે છે અને આવતા આંદોલનો ઝીલી પણ શકે છે. જો કોઇ વખત પોતાના આનંદનો કે અનુભવનો તે સામાન્ય માણસને સ્વાદ ચખાડવા પ્રયત્ન કરે છે ત્યારે તે માણસ ચમત્કાર બતાવે છે અગર ગાંડો થઇ ગયો છે એમ સામાન્ય માણસ માને એમાં આશ્ચર્ય નથી. મતલબ કે આપણે જેમાં બુદ્ધિ પરોવી શકીએ નહીં કે જ્યાં આપણી બુદ્ધિ કામ ન કરે ત્યારે તેને ચમત્કાર કહીએ એમાં આપણી અલ્પમતિનો પરિચય થાય છે.

## સૂક્ષ્મ ગ્રહણ કરવાની લાયકાત—

જ્યારે એકાદ કાવ્ય કે કવિતા વાંચવામાં આવે છે ત્યારે સહૃદય કવિ તેમાંનાં અલંકાર, રસ, શબ્દમધુરતા, કવિની દીર્ઘ અને સૂક્ષ્મ દૃષ્ટિનો અનુભવ કરે છે ત્યારે સામાન્ય માણસને તેનો આનંદ ન મળી શકે અને જ્યારે તે રસિક કવિ આનંદોર્મિઓમાં પોતાના મુખ ઉપર ભાવના પ્રગટ કરે કે પ્રસંગોપાત તાલી પાડે કે એકાદ ઉદ્‌ગાર ઉચ્ચરે ત્યારે સામાન્ય માણસ તો ગાંડો કહીને જ બોલાવે ને ? પણ એવા ગાંડાઓ મહાન જ્ઞાની હોય છે એની એને બીચારાને શું કલ્પના ? યોગિક ચમત્કારોની એવી જ ઘટના હોય છે એ સમજાવવાની આવશ્યકતા નથી.

**યોગભ્રષ્ટ માનવી—**

જે યોગીને એવી સિદ્ધિ વહેલી મળી જાય છે ત્યારે તે તેના અભૂતપૂર્વ અનુભવના વિકાસમાં તણાઇ મગજનું સમતોલપણું ખોઈ બેસે છે. અને કવખતે જ તે સિદ્ધિઓનો લાભ સામાન્ય કાર્ય માટે કરવા લલચાય છે ત્યારે તેની સિદ્ધિઓ નિરુપયોગી તો શું પણ ઊલટી તેને વિઘાતક થઇ પડે છે. એટલા માટે જ પૂરા જાણકાર અનુભવી અને બધું જીરવી શકે અને એવી ઘટનાનો દુરુપયોગ અટકાવી શકે એવા યોગીઓની જ જરૂર હોય છે, એથી જ સંત યોગીની લાયકાત અનંતગણી વધી જાય છે. ત્યારે આપણે જોઈ ગયા કે ચમત્કાર એ વસ્તુ સ્વતંત્ર નથી પણ જોનારની વધારે કે ઓછી આવડત કે જ્ઞાનની લાયકી ઉપર તેનો આધાર રહેલો છે. પોતાને વિજ્ઞાનવાદી કે નક્કર વસ્તુને જ માનનારા ચમત્કારને તુચ્છતાની નજરથી જુએ કે ચમત્કારિક દેખાતી વસ્તુઓનો ઉલ્લેખ કરી તે ભોળા લોકોને ભરમાવવા કોઇ ધૂર્તે લખેલ લેખ છે એમ માને છે, ત્યારે જે વિજ્ઞાનનો તે ફાંકો રાખે છે તે વિજ્ઞાનની જ તે વગોવણી કરે છે એમ માનવામાં હરકત જણાતી નથી, માટે કોઇ ચમત્કાર કે મંત્ર માટે પોતાની માન્યતા કે પોતાનો મત ઉચ્ચારતી વેળા એવા વિજ્ઞાનવાદીઓએ જરા થોભી જવું જોઇએ. જે વસ્તુને તેઓ અત્યારે ચમત્કાર કે ભ્રમણા માને છે તે જ વસ્તુ નક્કર, સત્ય અને નિસર્ગસિદ્ધ તરીકે વિજ્ઞાનવાદીઓ જ તેમની નજર સામે ખડી કરશે. એ વાત તેઓએ ધ્યાનમાં રાખવી જોઇએ.

**મંત્રોનો સદુપયોગ—**

ચમત્કાર ઉપજાવનારા કે ચમત્કારનો દયાભાવથી લોકોપયોગી કાર્યો કરી બતાવનારા મહાત્માઓ તો ઐહિક લોભ કે લાલચથી તદ્દન પર હતા. તેમને પોતાના સ્વાર્થનો પ્રશ્ન પણ ન હતો એટલું જ નહીં પણ કીર્તિ કે મોટાઇને પણ તેઓ તુચ્છ લેખતા હતા. કેટલાએક એવા ગ્રંથકારો કે મંત્રદ્રષ્ટાઓના નામો પણ જડતા નથી. તેમનો કાલનિર્ણય કરવો કે સ્થાનનિર્દેશ કરવો એ ઇતિહાસકારોને પણ એક મોટો કોયડો થઇ પડે છે. રોગ કે ઉપદ્રવ નિવારવા માટે મંત્ર કે તંત્રનો ઉપયોગ પ્રાચીન કાળમાં થતો હતો. એવા પ્રયત્ન કે કાર્યપ્રણાલીને હાલમાં વિજ્ઞાનવાદીઓ હસી જ કાઢે એમાં નવાઇ નથી. પણ મંત્રના ઉચ્ચાર સાથે તેમાં શારીરિક માનસિક ને બૌદ્ધિક બધી જ શક્તિઓને પરોવી દેવાથી વાયુમંડળમાં અમુક જાતના કંપચક્રો ગતિમાન થાય અને તેથી રોગાણુંઓ કે ઉપદ્રવના કારણો નાશ પામે એમાં સંદેહ રાખવા જેવું શું છે એ સમજાતું નથી. અણુઓ અને તેથી પણ સૂક્ષ્મતર અને સૂક્ષ્મતમ અણુઓની શકિતને હાલના કાળમાં નહીં માનનારાઓને વિજ્ઞાનવાદીઓ કેમ ગણવામાં આવે ? હાલના સ્થૂલ ગણાતા પરમાણુઓની વિનાશક ભયંકર શકિતની શોધ થઇ છે અને તેથી પણ વધુ વિનાશક અને સંહારક શકિતઓની શોધનાં ભણકારા વાગી રહ્યા છે. તેની સાથે જ તે શક્તિઓનો ઉપકારક રીતે ઉપયોગ થઇ શકે કે કેમ તેની પણ શોધખોળ ખૂબ ચિવટાઈથી થઈ રહી છે. પણ વિશ્વમાં તેથી સૂક્ષ્મ એવી જે વાસનાઓ કે લાગણીઓ છે તેની શોધખોળ જયારે વિજ્ઞાનવાદીઓના હાથમાં આવશે ત્યારે એ ચમત્કારોના નવા નવા પ્રદેશો દુનિયા આગળ ખુલ્લા થશે. તેની સાથે એ યાદ રાખવાની

જરૂર છે કે, એવી શોધખોળો ઘણા દીર્ઘ કાળ પહેલા યોગીઓએ પોતાની જ્ઞાનશક્તિથી કરી મૂકેલી છે. તેનો ઉપયોગ માત્ર નહીં કરવાનો તેમનો અખંડ આદેશ છે. તેઓ જાણતા હતા કે, સ્થૂલ દૃષ્ટિવાળા સ્વાર્થલોલુપ માનવીના હાથમાં એ શક્તિ જો મૂકવામાં આવે તો તેઓ તેનો દુરુપયોગ જ કરશે. એટલા માટે જ યોગિઓ પોતાના જ્ઞાનની ચાવી કોઇ શિષ્યને સોંપવા પહેલા તેની અગ્નિપરીક્ષા કરી જોતા. અને તેમાં તે ઉત્તીર્ણ થાય તો જ તેને આગમની વિદ્યા ભણાવવામાં આવતી. એટલું જ નહીં પણ પોતાને મળેલી સિદ્ધિઓનો જો કોઇ દુરુપયોગ કરે તો તેના આગળના ભણવા ઉપર કાપ મૂકવામાં આવતો. એના દાખલાઓ શાસ્ત્રમાં મળી આવે છે. એવી મંત્રસિદ્ધ વસ્તુઓ કે જે દુનિયામાં ચમત્કાર તરીકે પૂજાય છે અને જનતા જો તેનો ભેદ જાણી જાય તો તે તેના લાભમાં નહીં પણ નુકસાનમાં પરિણમે છે એમ તેઓ જાણતા હોવાથી જ તે વસ્તુ બનતા પ્રયત્ને ગુપ્ત રાખવામાં આવી છે. કેટલાએક પ્રયોગો તો શિષ્યના અભાવે ગુરુ સાથે જ પરલોકમાં ગયા છે. એવા યોગીઓ શોધ્યા જડતા નથી. જો કોઈ તેની પાછળ મોટો ભોગ આપે છે તેઓ કદાચ તેવા યોગીઓના દર્શન કરી શકે છે, પણ સ્વાર્થ નિરપેક્ષવૃત્તિની અગ્નિ પરીક્ષામાંથી તે ઉત્તીર્ણ ન થાય તો તેને વિલે મોઢે પાછું ફરવું પડે છે. મતલબ કે, પ્રાચીન કાળમાં યોગિઓની ચમત્કાર શક્તિ ઘણા મોટા પ્રમાણમાં ખીલેલી હતી, પણ તેનો ઉપયોગ કરવા ઉપર કેવળ દયાબુદ્ધિથી અને દુષ્પરિણામની બીકથી પ્રતિબંધ મૂકવામાં આવ્યો હતો. એ વસ્તુનો વિચાર કરતાં પ્રાચીન કાળમાં લખેલા કથાનકો કે વસ્તુ કથનો કેવળ કાદંબરી કે ભોળા લોકોને ભ્રમજાળમાં નાખવા માટે લખેલા લેખો હોવા જોઈએ એવી કલ્પના કરનારાઓ માટે આપણે દયા બતાવવી જોઈએ. પોતાની બુદ્ધિ જ્યાં ન ચાલે તેને અસત્ય કે ભોળા લોકોની ભ્રમણા માનવા લલચાવવું એ તદ્દન અજ્ઞાનજન્ય ઘટના છે.

**ચમત્કારપૂર્ણ કથાનકો—**

જૈન કથાનકો કરતા વૈદિક કથાનકોમાં ચમત્કારિક ઘટનાઓ વિશેષ રીતે જોવામાં આવે છે. એ કથાનકોના ચમત્કારો પાછળ કેવી વૃત્તિ હતી અને આમ લખવામાં શું હેતુ હોઇ શકે તે માટે આપણે વધુ વિચાર કરવો જોઇએ. કેટલાએક કથાનકો કેવળ રૂપક જેવા હોય છે. કેટલાએક કથાનકો દૃષ્ટાંતરૂપે હોય છે. કેટલાએકમાં અમુક સંકેત મૂકવામાં આવેલ હોય છે. કેટલાએકમાં અલંકાર, કાવ્યચાતુર્ય અને રસપરિપાક ઉત્પન્ન કરવા માટે યોજેલા હોય છે. તે દરેકમાં નક્કર ઇતિહાસ જ હોવો જોઇએ અને તેમાં બતાવેલ ઘટનાઓ પ્રત્યક્ષ સૃષ્ટિમાં બનેલી જ હોવી જોઇએ એવો જો આપણે આગ્રહ રાખીએ અગર એવી કલ્પના કરીએ તો આપણું પોતાનું જ અજ્ઞાન ગણાય. એમાંથી સત્ય તારવવાનાં પ્રયત્ન કરવાની ફરજ છે. ઉપમિતિ કથાઓમાં એકાદ વિકારને રાજા અને બીજાને સેવક ચિતરવામાં આવે ત્યારે આપણે તેને કોઇ જગતમાં રહેલા દેશનો રાજા નથી માનતા અને તેના સેવકની પ્રત્યક્ષ કલ્પના પણ કરી શકતા નથી. એ તો ઉપદેશ આપવાના હેતુથી અને સામાન્ય વાચકોને ગળે ઉતરે તેવા હેતુથી ખાંડ ચઢાવેલી કવીનાઇનની ગોળી બનાવી લેખકે પોતાની વાક્ચાતુરી વાપરેલી કહેવાય.

**કથાનકનો નમૂનો—**

રજનીવલ્લભ જે ચંદ્રમા તેને કોઈએ રાજા કલ્પીને રજની રાણીને દૂર મૂકી સત્તાવીસ રાણીઓ કલ્પી લીધી. ચંદ્રમાએ તેમાંથી રોહિણી નામની રાણી ઉપર વિશિષ્ટ પ્રેમ બતાવી બાકીની છવીસ રાણીની ઉપેક્ષા કરી મૂકી, તેથી તે છવીસ રાણીઓએ સવિતા અર્થાત્ સૂર્ય પાસે પોતાની ફરિયાદ નોંધાવી. સવિતાએ પુરાવાઓ ભેગા કરી ચંદ્રમાની વિરુદ્ધ ચૂકાદો આપ્યો અને તેને ક્ષયરોગ લાગુ કરી દીધો. ત્યારથી જ ચંદ્રમાનો ક્ષય થવા માંડ્યો એ રૂપક કથાને જો કોઈ પ્રત્યક્ષ માનવસૃષ્ટિમાં બનેલી ઘટના માનવા બેસે તો તે એના કૃત્ય તરફ જોઈ, '**अरसिकेषु कवित्वनिवेदनम्**' એમ ઉદ્ગાર ઉચ્ચરી ચૂપ જ બેસી રહેવાનું પસંદ કરે. વાસ્તવિક રીતે આકાશનું સૂક્ષ્મ નિરીક્ષણ કરતી વેળા સત્તાવીસ નક્ષત્રોમાંથી પસાર થતા રોહિણી નક્ષત્ર પાસે જ્યારે ચંદ્ર આવે છે ત્યારે તે દેખાવ નિરીક્ષકોને અત્યંત આહ્લાદકારક દેખાય છે. અને કવિને ત્યાં જ કાવ્યસ્ફૂર્તિ થાય છે. અને એ સ્ફૂર્તિના ધ્યાનમાં તે ચંદ્રને રાજા કલ્પે કે અન્ય કોઈ વિલાસી મનુષ્ય કલ્પે એ સ્વાભાવિક છે અને એને વિલાસી કલ્પ્યા પછી તેના ભોગવિલાસ માટે રાણીઓની કલ્પના સ્વાભાવિક ઊભી થાય. અને અનુક્રમે તેનું લંપટપણું રોહિણી પાસે વિશદ કરવા માટે કવિએ પોતાની કાવ્યચાતુરી વાપરી હોય એ સ્વાભાવિક છે. અને ચંદ્રની ક્ષયવૃદ્ધિની નિસર્ગસિદ્ધ ઘટનાને સૂર્ય કારણભૂત હોવાથી તેને નિયામક સમજી તેની તરફ રાણીઓની ફરિયાદ જાય એ સુંદર કવિકલ્પના ખરેખર અત્યંત રમણીય અને સુંદર ઘટિત છે. તેમાં કવિની ચાતુરી ઉત્કટ રીતે જોવામાં આવે છે. આવી કથાઓને જો કોઈ અરસિક દૃષ્ટિથી જોઈ તે ખોટી હોવી જોઈએ એમ માને, કારણ એમાં બનેલી ઘટના કાંઈ કોઈ વખત બનેલી નથી પણ ખોટી ઉપજાવેલી કાઢેલી છે; આવું બોલનાર માટે આપણે શું માનીએ ? એવી જ રીતે દરેક કથાનકના મૂળ હેતુને નહીં સમજતા કેવળ પોતાની અજ્ઞ દૃષ્ટિથી જોતાં બધું વિપરીત જ જણાય એમાં શંકા નથી. દરેક ઘટના માટે અભિપ્રાય બાંધી લેતી વખતે તે ઉચ્ચારનારની પરિસ્થિતિ, આસપાસના સંજોગો, તેનો ઉદ્દેશ અને લખનારની લાયકી વિગેરે અનેક વસ્તુઓનો વિચાર કરવો જ જોઈએ. એમ નહીં થવાથી અનર્થ થવાનો વિશેષ સંભવ રહે છે, એનો આપણા વિજ્ઞાનવાદીઓએ વિચાર કરવો જોઈએ. થયું છે પણ એમ જ. વિસંગત જણાતી ઘટના કોઈ મૂળ તત્વજ્ઞાનના આવિષ્કાર માટે કલ્પેલી હોય અને કથાનકના રૂપમાં મૂકવા માટે તેના રૂપકો કલ્પી ટૂંકામાં મહાન્ તત્વ ગ્રથિત કરેલું હોય એ સંભવિત હોય છતાં આપણે તેનો ઉદ્દેશ નહીં સમજતા ઉપલક દૃષ્ટિથી જોઈ, એ ખોટું લખાણ છે એવો અર્થ તારવીએ એ ન્યાયસંગત તો નથી જ. પૂર્વાપર સંબંધ જાણ્યા વગર આપમેળે કોઈ પણ વસ્તુનો ન્યાય થઈ શકે જ નહીં.

( ચાલુ )

# ક્રોધાદિક કષાયોના પર્યાયો અને ક્રમો

(લેખક-પ્રો. **હીરાલાલ ર. કાપડિયા**, એમ. એ.)

ઉપર્યુક્ત શીર્ષકના સ્પષ્ટીકરણપૂર્વક આ લેખનો પ્રારંભ કરાય છે. 'ક્રોધાદિક' થી ક્રોધ, માન, માયા અને લોભ એ ચાર કષાયો સમજવાના છે. જૈન શાસ્ત્રમાં કષાયને માટે કેટલીક વાર અને ખાસ કરીને કર્મગ્રંથોમાં 'કષાય મોહનીય કર્મ' એવો પ્રયોગ કરાય છે. આ કર્મને અંગે એના મુખ્ય ચાર પ્રકારરૂપ ક્રોધાદિક પરત્વે જૈન તેમજ અજૈન લેખકોએ અનેક બાબતો વિચારી છે. મારા જેવાએ પણ કેટલીક બાબત વિષે થોડો ઘણો નિર્દેશ કર્યો છે. દાખલા તરીકે (૧) **આર્હતદર્શનદીપિકા**માં પૃ. ૩૪૯ માં અને ૬૯૦ માં કષાયનાં લક્ષણ, પૃ. ૭૪૩ માં એની [૧] વ્યુત્પત્તિ, પૃ. ૧૦૦૫–૧૦૦૭ માં કષાય મોહનીયના અનન્તાનુબન્ધી ઇત્યાદિ ચાર પ્રકારો અને એનાં લક્ષણ, પૃ. ૧૦૦૭ માં ક્રોધાદિકની તરતમતા અને એના સોળ પ્રકારો, પૃ. ૧૦૦૭–૮ માં ચચ્ચાર પ્રકારના ક્રોધાદિકની અન્યાન્ય વસ્તુઓ સાથે સરખામણી, પૃ. ૮૯૪ માં સત્યની પાંચ ભાવનાઓ પૈકી ક્રોધ-પ્રત્યાખ્યાન અને લોભ-પ્રત્યાખ્યાનનાં લક્ષણ, પૃ. ૭૫૨ માં પચ્ચીસ ક્રિયાઓમાંની માયાપ્રત્યયિક ક્રિયાનું લક્ષણ, પૃ. ૧૦૭૭ માં ક્રોધનો નિગ્રહ કરવાના પાંચ પ્રકારો યાને પાંચ પ્રકારની ક્ષમા અને પૃ. ૧૦૭૮–૯ માં માનાદિના પ્રતિસ્પર્ધી મૃદુતાદિનાં લક્ષણ; (૨) **ભક્તામરસ્તોત્રની પાદપૂર્તિરૂપ કાવ્યસંગ્રહ** (ભા. ૧) માં પૃ. ૩૨–૩૭ માં કષાય-મીમાંસા; (૩) **વૈરાગ્યરસમંજરી**ના સ્પષ્ટીકરણમાં પૃ. ૨૩–૨૬ માં કષાય-વિચાર, પૃ. ૩૧૩–૩૩૦માં અનન્તાનુબન્ધી કષાયોના ઉપશમને સમ્યક્ત્વના શમરૂપ લિંગ ન ગણવા વિષે ઊહાપોહ; (૪) **સ્તુતિચતુર્વિંશતિકા**ના સ્પષ્ટીકરણમાં પૃ. ૫૨ માં માન અને મદમાં તફાવત, પૃ. ૫૩–૫૪ માં મદનું સ્વરૂપ અને તેના પ્રકારો અને પૃ. ૨૧૭ માં માન અને મદ સંબંધી વિચાર.

ક્રોધાદિકના સ્વરૂપાદિનો બોધ કરાવે એવું પદ્યાત્મક લખાણ, એને અંગેની સજ્ઝાયો અને એને ઉદ્દેશીને રચાયેલા "સલોકા" પૂરું પાડે છે.

આ ઉપરાંતની બાબતો એકત્રિત કરી અને તેનો મારા ઉપર્યુક્ત લખાણ સાથે મેળ સાંધી કષાય સંબંધી સવિસ્તર પુસ્તક તૈયાર કરવાનું મને મન તો છે, પણ એ માટેનો સુયોગ જ્યારે સાંપડશે ત્યારે ખરો: આજે તો અહીં હું ક્રોધાદિક કષાયના પર્યાયો યાને સમાનાર્થક શબ્દો નોંધવા અને વિચારવા માગું છું.

## ક્રોધના પર્યાયો

**સંસ્કૃત**—કલિકાલસર્વજ્ઞ **હેમચન્દ્રસૂરિએ અભિધાનચિન્તામણિ** ( કાંડ ૨, શ્લો.

---

૧. **વિસેસાવસ્સયભાસની** ગાથા ૧૨૨૮–૯ અને એનો ગુજરાતી અર્થ "ઋષભપંચાશિકા"-(શ્લો. ૨૮)ના સ્પષ્ટીકરણમાં મેં આપેલ છે, કેમકે એ કસાય(સં. કષાય)ની વ્યુત્પત્તિ રજૂ કરે છે.

૨૧૩) માં ક્રોધના આઠ પર્યાયો નોંધ્યા છે; (૧) કોપ, (૨) ક્રુધ, (૩) ક્ષુધા, (૪) પ્રતિઘ, (૫) મન્યુ, (૬) રૂષ, (૭) રૂષા અને (૮) રોષ. વાચકવર્ય **ઉમાસ્વાતિએ તત્ત્વાર્થાધિગમ સૂત્ર** રચી એને સ્વોપજ્ઞ ભાષ્યથી વિભૂષિત કર્યું છે. જૈન સંસ્કૃત સાહિત્યની ઉપલબ્ધ કૃતિઓમાં આ [1]પ્રથમ છે. અ. ૮, સૂ. ૧૦ ના ભાષ્ય( પૃ. ૧૪૩ )માં ક્રોધના પાંચ પર્યાયો અપાયા છે; (૧) કોપ, (૨) દ્વેષ, (૩) ભણ્ડન, (૪) ભાય અને (૫) રોષ.

**ગુજરાતી**—ગુજરાતીમાં કોપ, રોષ, દ્વેષ અને મન્યુ શબ્દો ઉપરાંત મૂળે અરબી એવો ગુસ્સો અને મિજાજ શબ્દ પણ ક્રોધના અર્થમાં વપરાય છે. આ ઉપરાંત આવેશ, ખીજ, ચીડ, રીસ શબ્દ પણ વપરાય છે.

**પાઇય**—જેને સામાન્ય રીતે 'પ્રાકૃત' કહેવામાં આવે છે તેનું એ ભાષામાં નામ 'પાઇય' છે. પાઇય ભાષામાં 'કોહ' વગેરે શબ્દ 'ક્રોધ'વાચક છે. પણ અર્ધમાગહી-( સં. અર્ધમાગધી )માં રચાયેલા **સૂયગડ** નામના જૈન આગમમાં ક્રોધાદિક કષાયના વિશિષ્ટ પર્યાયો જોઇને તો એ નોંધવા માટે હું આ લેખ લખવા લલચાયો છું, એ હું માનાદિકના સંસ્કૃત અને પર્યાયોનો ઉલ્લેખ કર્યા બાદ આ લેખમાં આપીશ.

## માનના પર્યાયો.

**સંસ્કૃત—તત્ત્વાર્થાધિગમસૂત્ર**( અ. ૮, સૂ. ૧૦ )ના ભાષ્ય( પૃ. ૧૪૫ )માં 'માન'ના સાત પર્યાયો અપાયા છે. (૧) અહંકાર, (૨) ઉત્સેક, (૩) ગર્વ, (૪) દર્પ, (૫) મદ, (૬) સ્તમ્ભ અને (૭) સ્મય. **અભિધાનચિન્તામણિ**( કાંડ ૨, શ્લો. ૨૩૦–૧ )માં અભિમાન, અવલિપ્તતા, અહંકાર, ગર્વ, ચિત્તોન્નતિ, દર્પ, મમતા અને સ્મય એમ માનના આઠ પર્યાયો નજરે પડે છે.

**ગુજરાતી**—અકડાઇ, અભિમાન, અહંકાર, ગર્વ અને દર્પ એ ગુજરાતીમાં વપરાય છે. આ ઉપરાંત ગુમાન, તોર, ફાંકો, એડશી–સી, એડસાઇ, મગરૂબી, મગરૂરી, મિજાજ, હુંપદ ઇત્યાદિ શબ્દો પણ પ્રચલિત છે.

## માયાના પર્યાયો

**સંસ્કૃત**—ઉપર્યુક્ત ભાષ્ય( પૃ. ૧૪૬)માં માયાના નવ પર્યાયો નોંધાયા છે. (૧) અતિસન્ધાન, (૨) અનાર્જવ, (૩) આચરણ, (૪) [2]ઉપધિ, (૫) કૂટ, (૬) દમ્ભ, (૭) નિકૃતિ, (૮) પ્રણિધિ અને (૯) વંચના. **અભિધાનચિન્તામણિ**( કાંડ ૩, શ્લો. ૪૧–૪૨ )માં માયાના નીચે મુજબ સોળ પર્યાયો મળે છે :—

(૧) ઉપધિ, (૨) કપટ, (૩) કુસૃતિ, (૪) કૂટ, (૫) કૈતવ, (૬) છદ્મન્, (૭) છલ,

---

૧. સ્વોપજ્ઞ ભાષ્યમાં અવતરણ છે એ ઉપરથી તેમજ **ઉત્તરજ્ઝયણ**( અ. ૮ )ની ટીકામાં 'વાચક' ના નામે આપેલ અવતરણ ઉપરથી એવું અનુમાન કરી શકાય કે **ઉમાસ્વાતિ**ની પહેલાં સંસ્કૃતમાં જૈન કૃતિ હોવી જોઇએ.

૨. **સૂયગડ** ( ૨,૨, ૨૭ )માં ઉવહિ ( ઉપધિ ) શબ્દ 'માયા' અર્થમાં વપરાયો છે.

(૮) દમ્ભ, (૯) નિકૃતિ, (૧૦) નિભ, (૧૧) મિષ, (૧૨) લક્ષ, (૧૩) વ્યપદેશ, (૧૪) વ્યાજ, (૧૫) શઠતા અને (૧૬) શાઠ્ય. આ પૈકી ૧૦-૧૪ને કેટલાક માયાના પર્યાય ગણતા નથી.

**ગુજરાતી**—કપટ, કૈતવ, છદ્મ, છલ(ળ), દંભ, શઠતા અને શાઠય તેમજ મિષ અને વ્યાજ ગુજરાતીમાં વપરાય છે. આ ઉપરાંત કૂડકપટ, છળકપટ, છેતરપિંડી, છેતરબાજી, છેતરામણી, ઠગાઈ, દગો, દગોફટકો, ઢોંગાઇ, લુચ્ચાઇ, લુચ્ચાઇ-ઢોંગાઇ. તેમજ બહાનું, મશ એવા પણ શબ્દો ગુજરાતીમાં છે.

## લોભના પર્યાયો

**સંસ્કૃત**—ઉપર્યુક્ત ભાષ્ય( પૃ. ૧૪૬ )માં 'લોભ'ના સાત પર્યાયો અપાયા છે. (૧) અભિષ્વંગ, (૨) ઇચ્છા, (૩) કાંક્ષા, (૪) ગાર્ધ્ય, (૫) મૂર્ચ્છા, (૬) રાગ અને (૭) સ્નેહ. **અભિધાનચિન્તામણિ**( કાંડ ૩, શ્લો. ૯૪-૯૫ )માં 'લોભ'ના પંદર પર્યાયો અપાયા છે.

(૧) અભિલાષ, (૨) આશંસા, (૩) આશા, (૪) ઇચ્છા, (૫) ઇહા, (૬) કાંક્ષા, (૭) કામ, (૮) ગર્ધ, (૯) તૃષ્, (૧૦) તૃષ્ણા, (૧૧) મનોરથ, (૧૨) લિપ્સા, (૧૩) વશ. (૧૪) વાંછા અને (૧૫) સ્પૃહા.

**ગુજરાતી**—લોભને માટે આ ભાષામાં તૃષ્ણા, પ્રયોજન, લાલચ, લાલસા ઇત્યાદિ શબ્દો નજરે પડે છે.

## વિશિષ્ટ પાઇય પર્યાયો

પૂર્વે કહ્યું છે તેમ **સૂયગડ**માં ક્રોધાદિકના વિશિષ્ટ પાઇય પર્યાયો મળે છે.

અ. ૧, ઉ. ૨ ના બારમા પદ્યમાં સવ્વપ્પગ, વિઉક્કસ, ણૂમ અને અપ્પત્તિઅ એ શબ્દો અનુક્રમે લોભ, માન, માયા અને ક્રોધ એ અર્થમાં વપરાયા છે. જેનો આત્મા સર્વત્ર છે તે 'સવ્વપ્પગ' ( સર્વાત્મક ) યાને લોભ. વિવિધ ઉત્કર્ષ યાને ગર્વ તે 'વિઉક્કસ' ( વ્યુત્કર્ષ ) યાને માન. 'ણૂમ' એ 'દેશ્ય' શબ્દ છે અને એનો અર્થ 'માયા' થાય છે. 'અપ્પત્તિય' એટલે અપ્રીતિ અર્થાત્ ક્રોધ.

અ. ૧, ઉ. ૪ ના બારમા પદ્યમાં ઉક્કસ, જલણ, ણૂમ અને મજ્ઝત્થ એ શબ્દો અનુક્રમે માન, ક્રોધ, માયા અને લોભ માટે વપરાયા છે. જેના વડે આત્માનો ઉત્કર્ષ કરાય છે, જેનાથી આત્મા ગર્વવડે ફુલાય છે તે 'ઉક્કસ' ( ઉત્કર્ષ ) યાને માન. જે આત્માને અથવા તો ચારિત્રને બાળે છે તે 'જલણ' ( જ્વલન ) યાને ક્રોધ. ણૂમ એટલે ગહન અર્થાત્ માયા. એનું મધ્ય નહિ પ્રાપ્ત થતું હોવાથી આમ કહ્યું છે.[1] સંસારના સમસ્ત પ્રાણીઓના મધ્યમાં જે હોય છે તે 'મજ્ઝત્થ' ( મધ્યસ્થ ) યાને લોભ.

ક્રોધની પહેલાં જે માનનો અહીં ઉલ્લેખ છે તેનું કારણ **શીલાંક**સૂરિ એમ કહે છે કે માન હોય ત્યારે ક્રોધ અવશ્ય હોય છે જ પરંતુ ક્રોધ હોય ત્યારે માન હોય કે ન પણ હોય એ દર્શાવવા આમ અન્ય ક્રમ રખાયો છે.

૧. આ જાતની સમજુતી શ્રી**શીલાંક**સૂરિએ પહેલાં ન આપતાં અહીં પ્રસંગે આપી છે.

અ. ૨, ઉ. ૧ ના બારમા પદ્યમાં 'કાયરિયા' શબ્દ માયાના અર્થમાં વપરાયો છે. એને માટે 'કાતરિકા' એવો સંસ્કૃત શબ્દ અપાયો છે. આ પદ્યમાં કોહ અને કાયરિયા એમ બેનો સ્પષ્ટ નિર્દેશ છે એટલે **શીલાંક**સૂરિ કહે છે કે ક્રોધ કહેવાથી માનનું ગ્રહણ થઇ જાય છે અને એવી રીતે માયાના ઉલ્લેખથી લોભનું ગ્રહણ થઇ જાય છે.

અ. ૨, ઉ. ૨ ના ઓગણત્રીસમા પદ્યમાં છન્ન, પસંસ, ઉક્કોસ અને પગાસ એ શબ્દો માયા, લોભ, માન અને ક્રોધ એ અર્થમાં અનુક્રમે વપરાયા છે. પોતાનો અભિપ્રાય જે છાનો રાખે છે તે 'છન્ન' યાને માયા. જેની સૌ પ્રશંસા કરે છે, જેનો સૌ આદર કરે છે તે 'પસંસ' (પ્રશસ્ય) યાને લોભ. હલકી પ્રકૃતિના પુરુષને જે જાતિ વગેરે મદસ્થાનોવડે ઉશ્કેરે છે (?) તે 'ઉક્કસ' (ઉત્કર્ષ) યાને માન. જે અંદર રહેલો હોવા છતાં મુખ, નેત્ર, ભવાં ઇત્યાદિના વિકારથી જણાઈ આવે છે તે 'પગાસ' (પ્રકાશ) યાને લોભ.

અ. ૮ ના અઢારમા પદ્યમાં 'અણિહ' શબ્દ છે. એ સમજાવતાં **શીલાંક**સૂરિ કહે છે કે જેનામાં 'નિહા' અર્થાત્ 'માયા' નથી તે 'અનિહ' છે. આમ 'માયા' માટે ઉપર જે 'નિભ' શબ્દ નોંધાયો છે તેનું એ સ્મરણ કરાવે છે.

અ. ૮ ના ઓગણીસમા પદ્યમાં 'સાદિય' શબ્દ વપરાયો છે. એમાં 'સાદિ' નો અર્થ 'માયા' છે. સાદિક મૃષાવાદ એમ જે અહીં કહ્યું છે તે સકારણ છે. સામાને છેતરવા અસત્ય બોલાય છે અને એ અસત્ય માયા વિના સંભવતું નથી, આમ **શીલાંક**સૂરિ કહે છે.

અ. ૯ ના અગિયારમા પદ્યમાં પલિઉંચણ, ભયણ, થંડિલ્લ અને ઉસ્સયણ એ શબ્દો અનુક્રમે માયા, લોભ, ક્રોધ અને માન એ અર્થવાચક છે. જેના વડે ક્રિયાઓમાં બધી રીતે વક્રતા આવે છે તે 'પલિઉંચણ' (પલિકુંચન) યાને 'માયા' કહેવાય છે. જેનાવડે આત્મા સર્વત્ર ભજાય છે—નમાવાય છે તે ભયન (ભજન) યાને 'લોભ' છે. જેના ઉદયથી આત્મા સદસત્‌ના વિવેક વિનાનો બની સ્થંડિલ જેવો છે તે 'થંડિલ્લ' (સ્થંડિલ) યાને 'ક્રોધ' છે. જેની હૈયાતીમાં જાતિ વગેરે દ્વારા પુરુષ ઊંચો આશ્રય લે છે તે 'ઉસ્સયણ' (ઉચ્છ્રયણ) યાને 'માન' છે. અહીં જે ક્રોધાદિકના ક્રમનું ઉલ્લંઘન છે તે સૂત્રની વિચિત્રતાને આભારી છે અથવા રાગનો ત્યાગ દુષ્કર હોવાથી અને લોભ માયાપૂર્વક હોવાથી માયા અને લોભનો પ્રારંભમાં નિર્દેશ કરાયો છે. આમ આ ક્રમને અંગે **શીલાંક**સૂરિ કહે છે.

સૂયગડના પહેલા સુયક્ખંધના નવમા અજ્ઝયણના સોળમા પદ્ય સુધીનો ભાગ ટીકા સહિત જે ફરીથી છપાયો છે અને હજી અપ્રસિદ્ધ છે તે વાંચી જતાં ક્રોધાદિના જે પર્યાયો દષ્ટિગોચર થયા તે અહીં વિચાર્યા છે. આગળ ઉપરનો ભાગ અત્યારે જોઇ જવાનું બને તેમ નથી એટલે ક્રોધાદિ માટે અંગ્રેજીમાં જે શબ્દો છે તેનું સૂચન કરી હું આ લેખ પૂર્ણ કરીશ.

**અંગ્રેજી શબ્દો**—ક્રોધને માટે અંગ્રેજીમાં anger શબ્દ છે. આ અર્થમાં નીચે મુજબના શબ્દો વપરાય છેઃ—

# યોગાવંચક, ક્રિયાવંચક અને ફલાવંચક

લેખક—ડૉ. ભગવાનદાસ મનઃસુખભાઈ મહેતા. M. B. B. S.

( ગતાંક પૃષ્ઠ ૨૦૪ થી શરૂ )

## યોગાવંચક

આમ અવંચકત્રયીનું સામાન્ય સ્વરૂપ અને તેના નિમિત્ત કારણનો ઉલ્લેખ કરી, તે પ્રત્યેક અવંચકની સ્પષ્ટ વ્યાખ્યાનો વિચાર કરીએ: આ અવંચકનું સ્વરૂપ લક્ષણ પ્રદર્શિત કરતાં **શ્રીહરિભદ્રાચાર્યજી** કહે છે કે:—

**" सद्भिः कल्याणसंपन्नैर्दर्शनादपि पावनैः ।**
**तथादर्शनतो योग आद्यावञ्चक उच्यते ॥ "**

અર્થાત્—દર્શનથી પણ પાવન એવા કલ્યાણસંપન્ન સત્પુરુષો સાથે તથા-પ્રકારે દર્શનથકી જે યોગ થવો, તે આદ્ય અવંચક-**યોગાવંચક** કહેવાય છે. આ વ્યાખ્યાની મીમાંસા કરીએ:—

## તથાદર્શન

સંતો સાથે **તથાદર્શન**થકી જે યોગ થવો-સંબંધ થવો, તેનું નામ યોગાવંચક છે, સત્પુરુષનો તથારૂપે ઓળખાણપૂર્વક યોગ થવો તે યોગાવંચક છે. સતપુરુષનું જે પ્રકારે '**સ્વરૂપ**' છે, તે પ્રકારે તેના **સ્વરૂપદર્શન**થકી-સ્વરૂપની ઓળખાણથકી, સત્પુરુષ સાથે જે યોગ થવો-આત્મસંબંધ થવો, તેનું નામ **યોગાવંચક** છે. સત્પુરુષ સાથે બાહ્ય સમાગમમાં આવવા માત્રથી-ઉપલક ઓળખાણ માત્રથી આ યોગ થતો નથી, પણ તેનું સત્પુરુષ સ્વરૂપે **દર્શન**-ઓળખાણ થવાથકી જ આ યોગ સાંપડે છે. એટલે સત્પુરુષના જોગમાં તથા-

---

Exasperation, indignation, rage, resentment, wrath ઇત્યાદિ.

માનને pride કહે છે. આને માટે arrogance, haughtiness, insolence, vainglory ઇત્યાદિ શબ્દો વપરાય છે.

માયા એટલે deceitfulness. આ અર્થમાં deceit, deception, fraud, guile, treachery ઇત્યાદિ શબ્દો વપરાય છે.

લોભને માટે avarice શબ્દ છે. આના પર્યાય તરીકે covetousness, greed ઇત્યાદિ શબ્દોનો ઉલ્લેખ થઇ શકે.

ક્રોધાદિક કષાયોને નિર્મૂળ કરવા માટે એના જાતજાતના આવિષ્કારોને આપણે સમજવા જોઇએ. એને રોકવાની અને એનો સર્વથા ઉચ્છેદ કરવાની વૃત્તિ આપણે કેળવીએ તો આવી સમજણ મેળવેલી સાર્થક ગણાય.

સ્વરૂપે દર્શન—ઓળખાણ એ જ મોટામાં મોટી અગત્યની વસ્તુ છે. આ આભ્યંતર સ્વરૂપદર્શન થાય, તો જ સત્પુરુષનો ખરેખરો યોગ થાય છે અને આવો યોગ થાય તે જ અવંચક યોગ છે.

**કલ્યાણસંપન્ન સત્પુરુષ**

આ સત્પુરુષ કેવા હોય છે? તો કે **કલ્યાણસંપન્ન** અર્થાત્ વિશિષ્ટ પુણ્યવંત હોય છે. **પરમ યોગચિંતામણિ-રત્ન**ની સાક્ષાત્ પ્રાપ્તિને લીધે તે પરમ પુણ્યશાળી છે, કલ્યાણને પામેલા છે. આવા સત્પુરુષ **દર્શનથી પણ** પાવન હોય, અવલોકનથી પણ પવિત્ર હોય છે. એમના દર્શન કરતાં પણ આત્મા પાવન થઇ જાય છે, એવા તે પરમ પવિત્રાત્મા હોય છે. એઓશ્રીના પવિત્ર આત્મચારિત્રનો જ કોઇ એવો અદ્ભુત મૂક પ્રભાવ પડે છે કે-બીજા જીવોને દેખતાં વેંત જ તેની અજબ જાદૂઇ અસર થાય છે. આવા કલ્યાણસંપન્ન દર્શનથી પણ પાવન, નિર્દોષ, નિર્વિકાર, વીતરાગ એવા જ્ઞાની સત્પુરુષ, એમની સહજ દર્શન માત્રથી પણ પાવનકારિણી જાદુઇ અસરથી સાચા મુમુક્ષુ યોગીઓને શીઘ્ર ઓળખાઇ જાય છે; કારણ કે મૌન મુનિનું દર્શન પણ હજારો વાગાડંબરી વાચસ્પતિઓના લાખો વ્યાખ્યાનો કરતાં અનંતગણો સચોટ બોધ આપે છે. સ્વદેહમાં પણ નિર્મમ એવા આ અવધૂત વીતરાગ મુનિનું સહજ ગુણસ્વરૂપ જ એવું અદ્ભુત હોય છે. જેમકે—

“ કીચસો કનક જાકે, નીચસો નરેશપદ,
 **મીચસી મિત્તાઇ**, ગરવાઈ જાકે **ગારસી;**
**જહરસી** જોગ જાનિ, કહરસી કરામતિ,
 **હહરસી હોંસ**, પુદ્ગલ **છબી છારસી;**
જાલસો જગવિલાસ, ભાલસો ભુવનવાસ,
 કાલસો કુટુંબકાજ, લોકલાજ લારસી;
સીઠસો સુજસ જાનૈ, વીઠસો વખત માનૈ,
 **ઐસી જાકી રીતિ તાહી**, બંદત **બનારસી.** ”

કવિવર **બનારસીદાસજી**

અર્થાત—“ જે કંચનને કાદવ સરખું જાણે છે, રાજગાદીને નીચ પદ સરખી જાણે છે, કોઇથી સ્નેહ કરવો તેને મરણ સમાન જાણે છે, મોટાઈને લીપવાની ગાર જેવી જાણે છે, કીમિયા વગેરે જોગને ઝેર સમાન જાણે છે, સિદ્ધિ વગેરે ઐશ્વર્યને આશાતા સમાન જાણે છે. જગતમાં પૂજ્ય થવા આદિની હોંસને અનર્થ સમાન જાણે છે, પુદ્ગલની છબી એવી ઔદારિકાદિ કાયાને રાખ જેવી જાણે છે, જગતના ભોગવિલાસને મુંઝાવારૂપ જાળ સમાન જાણે છે, ઘરવાસને ભાલા સમાન જાણે છે, કુટુંબના કાર્યને કાળ એટલે મૃત્યુ સમાન જાણે છે,

લોકમાં લાજ વધારવાની ઇચ્છાને મુખની લાળ સમાન જાણે છે, કીર્તિની ઇચ્છાને નાકના મેલ જેવી જાણે છે, અને પુણ્યના ઉદયને જે વિષ્ટા સમાન જાણે છે, એવી જેની રીતિ હોય તેને બનારસીદાસ વંદના કરે છે. ”

## સંતસ્વરૂપની ઓળખાણ

આવા પરમ નિર્દોષ, પરમ નિર્વિકાર, પરમ વીતરાગ જ્ઞાની સત્પુરુષ તે-સાધુજનને યથાર્થ ગુણસ્વરૂપે ઓળખવા, તેમનું જે સહજશુદ્ધ આત્મસ્વરૂપ છે, તે સ્વરૂપે તેમનું દર્શન કરવું તે '**તથાદર્શન**' છે. આ તથાદર્શનથી સત્પુરુષનો યોગ થાય છે, અને તે યોગનું નામ **યોગાવંચક** છે.

આમ આ યોગાવંચકની પ્રાપ્તિમાં ત્રણ મુખ્ય વસ્તુ આવશ્યક છે: (૧) જેનો યોગ થવાનો છે, તે સત્પુરુષ, સાચા સંત, સદ્‌ગુરુ હોવા જોઇએ, (૨) તેના દર્શન-સમાગમ થવા જોઇએ, (૩) તેનું તથાસ્વરૂપે દર્શન-ઓળખાણ થવું જોઇએ.

## સત્પુરુષ

આમાંથી એકની પણ ન્યૂનતા-ખામી હોય તો યોગાવંચક થતો નથી, કારણ કે જેની સાથે યોગ થવાનો છે તે પોતે સત, સાચા સત્પુરુષ, પ્રત્યક્ષ સતસ્વરૂપને પ્રાપ્ત થયેલા સદ્‌ગુરુ હોવા જોઇએ; શાસ્ત્રોક્ત સકલ સાધુ-ગુણથી શોભતા એવા સાધુચરિત સાચા **ભાવસાધુ** હોવા જોઇએ; શુદ્ધ સોના જેવા શુદ્ધ, પરમ અમૃત જેવા મીઠા, શુદ્ધ સ્ફટિક જેવા નિર્મલ, પરમ પવિત્ર પુરુષ હોવા જોઇએ; સર્વ પરભાવના ત્યાગી આત્મારામી એવા સાચા '**સંન્યાસી**' હોવા જોઇએ; બાહ્યાભ્યંતર ગ્રંથથી-પરિગ્રહથી રહિત એવા સાચા **નિર્ગ્રંથ-ભાવશ્રમણ** હોવા જોઇએ; પરભાવ પ્રત્યે મૌન એવા આત્મજ્ઞાની વીતરાગ જ્ઞાની **મુનિ** હોવા જોઇએ; સહજ આત્મસ્વરૂપ પદનો સાક્ષાત્ યોગ થયો છે એવા યથાર્થ **ભાવયોગી** હોવા જોઇએ; સ્વરૂપવિશ્રાંત એવા શાંતમૂર્તિ '**સંત**' હોવા જોઇએ; ટૂંકામાં તેમના 'સત્' નામ પ્રમાણે 'સત્'-સાચા હોવા જોઇએ, આત્માના પ્રત્યક્ષ પ્રગટ સત્ સ્વરૂપથી યુક્ત એવા 'સત્' હોવા જોઇએ.

## ભાવસાધુ-ભાવયોગી

પણ આવા 'સત્' સ્વરૂપ યુક્ત સાચા સંત-સત્પુરુષ ન મળ્યા હોય, અને અસત્-અસંત-અસાધુ કે કુસાધુને સંત માની લીધા હોય તો આ યોગ બનતો નથી, યોગ અયોગરૂપ થાય છે; માટે જેની સાથે યોગ થવાનો છે, તે સત્-સત્પુરુષ-સાચા **ભાવસાધુ** હોવા જોઈએ. બાકી જગતમાં કહેવાતા સાધુઓનો, બાહ્ય વેષધારી સાધુ-સંન્યાસી-બાવાઓનો, જટાજૂટ વધારનારા નામધારી જોગીઓનો, અનેક પ્રકારના વેષવિડંબક દ્રવ્યલિંગીઓનો કાંઇ તોટો નથી. પણ તેવા સાધુ ગુણવિહીન ખોટા રૂપીઆ જેવા દ્રવ્યલિંગીઓથી કાંઇ 'શુકરવાર વળતો નથી,' આત્માનું કાંઈ કલ્યાણ થતું નથી.

**"આતમજ્ઞાની શ્રમણ કહાવે, બીજા તો દ્રવ્યલિંગી રે;**
**વસ્તુગતે જે વસ્તુ પ્રકાશે, આનંદઘન મત સંગી રે."**

વાસુપૂજ્યજિન–શ્રી **આનંદઘનજી.**

**"આત્મજ્ઞાન ત્યાં મુનિપણું, તે સાચા ગુરુ હોય;**
**બાકી કુલગુરુ કલ્પના, આત્માર્થી નહિં જોય."**

**શ્રીમદ્ રાજચંદ્રજી**પ્રણીત **આત્મસિદ્ધિ.**

**દર્શન-સમાગમ**

**બીજું**–આવા સત્પુરુષ સદ્ગુરુ વિદ્યમાન હોય, પણ તેનો દર્શનજોગ જો ન થાય, સમાગમ–પરિચય ન થાય, તો શું કામ આવે? આંગણામાં કલ્પવૃક્ષ ઊગ્યું હોય, પણ તેનો લાભ ન લેવાય તો શું કામનું? અચિંત્ય ચિંતામણિરત્ન હાથ લાગ્યું હોય, પણ તેને સેવી ચિંતિત લાભ ન ઉઠાવાય તો શું કામનું? કામદુધા કામધેનુ મળી હોય, પણ તેની આરાધના ન થાય તો શું કામનું? સાક્ષાત્ પરમામૃતનો મેઘ વરસતો હોય, પણ તેને ઝીલવામાં ન આવે તો શું કામનું? માટે સંતના દર્શન-સમાગમની તેટલી જ આવશ્યકતા છે.

**"પરિચય પાતક ઘાતક સાધુ શું રે, અકુશલ અપચય ચેત;**
**ગ્રંથ અધ્યાતમ શ્રવણ મનન કરી રે, પરિશીલન નય હેત."**

**શ્રી આનંદઘનજી**

**સ્વરૂપનું તથાદર્શન**

ત્રીજું–બાહ્યથી સંતના દર્શન-સમાગમ થાય, પણ અંતરથી સંતનું તથા-પ્રકારે સંતસ્વરૂપે દર્શન ન થાય, સત્સ્વરૂપે ઓળખાણ ન થાય, તો તેનો બાહ્ય સમાગમ–યોગ પણ અયોગરૂપ થાય છે, નિષ્ફળ થાય છે અથવા સત્પુરુષ મળ્યા હોય, પણ તેનું **આંતરદર્શન-ઓળખાણ** થઇ શકે એવી પોતાનામાં યોગ્યતા ન હોય, તો યોગ ન મળ્યા બરાબર થાય છે.

આ ત્રણમાં પણ ત્રીજો મુદ્દો સૌથી વધારે મહત્વનો છે, કારણ કે સત્પુરુષ હોય, તેના બાહ્ય દર્શન–સમાગમ પણ થયા હોય, પણ તેનું તથાસ્વરૂપે **'આત્મ-દર્શન'** ન થયું હોય, તો શું કામનું? કારણ કે તથાસ્વરૂપે દર્શન વિના સત્પુરુષનો યોગ અયોગ થાય છે, અફળ જાય છે. એમ તો આ જીવે અનેક વાર તીર્થંકર જેવા પરમ સત્પુરુષના દર્શન કર્યા હશે, પણ આ જીવની યોગ્યતાની ખામીને લીધે તે સત્પુરુષનું **તથાદર્શન** ન થયું, તેથી તે યોગ અફળ ગયો; માટે સત્પુરુષના યોગની ખરેખરી રહસ્ય-ચાવી (Master-key) તેનું તથાસ્વરૂપે દર્શન કરવું–ઓળખાણ થવી તે છે. અને એમ થાય ત્યારે જ **અવંચક યોગ** થાય છે.

(અપૂર્ણ)

## સ્વીકાર અને સમાલોચના.

**૧ સૂત્રાર્થમુક્તાવલિ**—સંકલનાકર્તા આચાર્યશ્રીમદ્ વિજયલબ્ધિસૂરીશ્વરજી મહારાજ. પ્રકાશક શ્રી લબ્ધિસૂરીશ્વર જૈન ગ્રંથમાલા, છાણી (વડોદરા રાજ્ય.) કિં. રૂ. ૫.

આ ગ્રંથમાં અનુયોગદ્વાર, આચારાંગ, સૂત્રકૃતાંગ, સ્થાનાંગ અને સમવાયાંગ પાંચ આગમોના સારનું સંકલન કર્યું છે. દરેક આગમના વિષયોને સૂત્રરૂપે તત્ત્વાર્થસૂત્રની જેમ ગોઠવી તેના ઉપર સંસ્કૃતમાં ટીકા લખેલ છે. પ્રાકૃત ભાષા ન જાણનાર અને સંક્ષિપ્તમાં આગમના વિષયોને જાણવાની ઈચ્છાવાળા સાધુ તેમજ સંસ્કૃતના અભ્યાસી ગૃહસ્થો માટે આ ગ્રંથ ઉપયોગી છે. વિષયો ઘણી ખંતથી ગોઠવવામાં આવ્યા છે. ટીકા મૂળ આગમની ટીકા ઉપરથી પ્રાયઃ લેવામાં આવેલ છે. કિંમત પણ પુસ્તકના પ્રમાણમાં વ્યાજબી છે. આ. શ્રી લબ્ધિસૂરીશ્વર મહારાજ આવા સંકલનાત્મક ગ્રંથો લખી જૈન આગમની ઉત્તમ સેવા બજાવી રહ્યા છે.

**૨ હું ને મારી બા**—લેખક શ્રી સુશીલ, પ્રકાશક વિનયચંદ ગુલાબચંદ શાહ બી. એ. કિંમત ૧–૮–૦. મરાઠી લેખક શ્રી સાનેના "શ્યામની બા"ના પુસ્તક પરથી ભાઈશ્રી સુશીલે ગુજરાતીમાં અવતરણ કરેલ છે. આ પુસ્તિકામાં માના પુત્ર પ્રત્યેના બાળપણના નાના નાના પ્રસંગો બતાવી આર્ય માતાની સંસ્કારિતા અને કુટુંબવાત્સલ્ય સાદી પણ હૃદયસ્પર્શી ભાષામાં આલેખવામાં આવેલ છે. નાની પુસ્તિકા ઘરમાં રાખવા જેવી અને શ્રીમંત માણસોએ પ્રભાવના કરવા જેવી છે. બાળ કેળવણીની સંસ્થાઓમાં પાઠ્યપુસ્તક તરીકે ચલાવવા જેવી કૃતિ છે. મહોદય પ્રેસના માલીક ભાઈશ્રી ગુલાબચંદ લલ્લુભાઈએ પુસ્તકનું ગેટ અપ પણ આકર્ષણ કરેલ છે. અમારે ત્યાંથી મળશે.

**૩ ભગવાન મહાવીરના યુગની મહાદેવીઓ**—પ્રસિદ્ધકર્તા શ્રી જૈન આત્માનંદ સભા–ભાવનગર. શ્રી મહાવીર ભગવાનના સમયના કેટલાક સ્ત્રીરત્નો જે જૈન આગમમાં પ્રસિદ્ધ છે, તેઓના ચરિત્રો સુંદર અને આકર્ષક હૃદયસ્પર્શી ભાષામાં આપવામાં આવ્યા છે. તેમાં માતા દેવાનંદા, ત્રિશલા, ચંદનબાળા, સુલસા, રેવતી આદિ પંદર દેવીઓના કથાનકો છે. શ્રી ભગવતી આદિ આગમોની ઐતિહાસિક ભૂમિકા ઉપરથી આ પાત્રો આલેખાયેલા છે, કલ્પિત કથાનકો નથી. શ્રી મહાવીર ભગવાનના શાસનમાં સ્ત્રીઓને કેટલું ઉચ્ચ સ્થાન આપવામાં આવેલ છે, તેનો ખ્યાલ આપે છે. આ કથાનકો કોઈ જૂના ગ્રંથનું ભાષાંતર નથી; પણ આગમને આધારે રચાયેલ નવું સર્જન છે. આપણે ત્યાં કથાનકો ઘણાખરા ભાષાંતરો જ હોય છે. એટલે તેમાં વર્તમાન સમયના પરિવર્તનની વિચારોમાં કે ભાષામાં અનુરૂપતા ઓછી હોય છે જે કારણથી જૈનેતરોમાં તે ઓછા વંચાય છે. આ પુસ્તક જૈનેતરોને પણ ભોગ્ય છે. ભાઈશ્રી સુશીલ જૂના લેખક અને વિચારક છે. શ્રી મહાવીરના સમયના જૈન અને બૌદ્ધ ગ્રંથોના અભ્યાસી છે. તેમની તુલનાત્મક વિચારશ્રેણી આ ગ્રંથમાં દૃષ્ટિએ પડે છે. શ્રી જૈન આત્માનંદ સભાએ આ ગ્રંથ પ્રસિદ્ધ કરીને જૈન તેમજ ગુજરાતી સાહિત્યની ઊંચી સેવા કરી છે. મૂલ્ય રૂ. સાડાત્રણ.

**૪ નરકેશ્વરી વા નરકેસરી**—લેખક "જયભિખ્ખુ" જૈન પ્રકાશક ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય–અમદાવાદ. કિંમત સાડાચાર રૂપિયા.

આ પુસ્તકમાં શ્રી મહાવીર ભગવાનના સમયના મગધના મહારાજા બિંબિસાર ઊર્ફે શ્રેણિકનું ચરિત્ર છે. આ પુસ્તકનો વિષય ઐતિહાસિક ભૂમિકા પરથી આળેખાયેલો છે, એક કલ્પિત કથાનક નથી. શ્રી મહાવીર ભગવાનના સમયના દેશ અને કાળનો સારો ખ્યાલ આપે છે. આ એક સ્વતંત્ર સર્જન છે, ભાષા સુંદર અને હૃદયસ્પર્શી છે. આ ગ્રંથની વસ્તુ 'મગધ-રાજ' નામના પુસ્તકને પ્રથમ બહાર પાડવામાં આવી હતી તેમાં ઘણો સુધારો કરી નરકેશ્વરી વા નરકેસરીના નામથી આ પુસ્તક પ્રસિદ્ધ કરવામાં આવેલ છે. જૈન અને જૈનેતરોને વાંચવા લાયક પુસ્તક છે.

**૫ શ્રી શંખેશ્વર મહાતીર્થ**—ભાગ ૧ લો. લેખક મુનિરાજ શ્રી જયન્તવિજયજી. પ્રકાશક શ્રી યશોવિજય જૈન ગ્રંથમાળા–ભાવનગર. કિંમત રૂા. ૧–૬–૦. આ શંખેશ્વર મહાતીર્થ ગ્રંથની બીજી આવૃત્તિ છે. પહેલી આવૃત્તિના બે ભાગ કરવામાં આવ્યા છે, તેમાં આ પહેલો ભાગ છે. આ આવૃત્તિમાં કેટલોક વધારો પણ થયો છે. શ્રી જયંતવિજયજી મહારાજ જૂની શોધખોળ અને ઇતિહાસના સારા અભ્યાસી છે. આ ગ્રંથમાં જૂના શિલાલેખો, બાદશાહી ફરમાનો વિગેરે મૂળ ભાષામાં આપી તેનું ગુજરાતીમાં અવતરણ પણ કરેલ છે. તીર્થના સુંદર ફોટાઓ આપ્યા છે. યાત્રિકોને તેમજ જૈન બંધુઓને તીર્થની હકીકત સંપૂર્ણ જણાવનાર આ ઉપયોગી ગ્રંથ છે. પુસ્તકના પ્રમાણમાં કિંમત પણ ઓછી રાખેલ છે. આપણા અન્ય પ્રસિદ્ધ તીર્થોની માહિતી માટે આવા ગ્રંથોની જરૂર છે.

**૬ ક્ષય અને દમમાં નૈસર્ગિક સારવાર**—લેખક ભૂપતરાય મો. દવે પ્રાપ્તિસ્થાન ભારતીય સાહિત્ય સંઘ, ગાંધી રસ્તો, અમદાવાદ. કિંમત. રૂા. ૩) આ પુસ્તક ભાઇ શ્રી મહીપતરાય જાદવજી શાહ તરફથી સભાને ભેટ મળેલ છે. ગ્રંથમાં ક્ષય અને તેના જેવા ફેફસાના દર્દોની કેવી રીતે ચિકિત્સા કરવી, કેવા ઉપચાર કરવા વિગેરે હકીકત સવિસ્તર આપવામાં આવેલ છે.

**૭ શ્રી યશોવિજયજી ઉપાધ્યાયકૃત ૧૨૫ ગાથાનું વિવેચનપૂર્વક સ્તવન**—લેખક–પંડિત જયંતિલાલ જાદવજી. પ્રાપ્તિસ્થાન ઠે૦ નવાગઢ, પાલીતાણા. કિંમત રૂા. ૧–૮–૦. આ પુસ્તક શેઠ રતિલાલ નથુભાઇ તરફથી સભાને સમાલોચના અર્થે ભેટ મળેલ છે. પુસ્તકમાં શ્રી ઉપાધ્યાયજી મહાજનું પ્રસિદ્ધ ૧૨૫ ગાથાનું સ્તવન આપવામાં આવેલ છે અને દરેક ગાથા નીચે વિવરણ કરવામાં આવેલ છે. વિવરણ સાદી સમજાય તેવી ભાષામાં કરેલ છે. આ સ્તવન તે વખતના અંધક્રિયાવાદી સાધુમહારાજોને બોધરૂપે લખાયેલ છે. પ્રસ્તાવનામાં શ્રી યશોવિજયજી મહારાજનો પરિચય આપવા પ્રયત્ન કર્યો જોવામાં આવેલ છે. તે પરિચય કિંવદંતીઓને આધારે થયેલો જણાય છે. તેમાં શ્રી આનંદઘનજી મહારાજના સંપર્ક પહેલાં ઉપાધ્યાયજીને એક ગર્વિષ્ઠ ન્યાયતર્કવાદના ફકત ઘમંડવાળા બતાવ્યા છે તે અમને જણાય છે કે આવા સમર્થ અદ્વિતીય વિદ્વાનને અન્યાય આપવા જેવું છે. તેઓશ્રીએ રચેલ ખંડનખાદ્ય, અનેકાંતવ્યવસ્થા આદિ ગ્રંથોના અભ્યાસીને આ કથન અયથાર્થ જોવામાં આવે છે. આનંદઘનજી મહારાજના પરિચયમાં આવ્યા પછી જ ઉપાધ્યાયજીને સમ્યક્ત્વ–સત્ય જ્ઞાન પ્રાપ્ત થયું તે કહેવું બિલકુલ તથ્ય કે વ્યાજબી નથી.

**૮ જૈન બાલ ગ્રંથાવલી: શ્રેણી પહેલી**–કિં. રૂા. ૩) પ્રકાશક ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય, ગાંધી રસ્તો–અમદાવાદ. આ ગ્રંથાવલીમાં પહેલી શ્રેણિમાં સોળ નાની નાની પુસ્તિકાઓ છે. શ્રી રીખવદેવ, પાર્શ્વનાથ, મહાવીર, ચંદનબાળા આદિ પ્રસિદ્ધ મહાપુરૂષોના ચરિત્રો ટૂંકામાં સાદી સરલ ભાષામાં આપવામાં આવ્યા છે. બાળકોને આનંદ સાથે જ્ઞાન આપે છે. બાળકોના અભ્યાસ માટે રાખવા જેવી શ્રેણી છે.

**૯ ધન્ય નારી**—લેખક પૂ. પં. શ્રી પ્રવીણવિજયજી ગણિવર. શ્રી લબ્ધિસૂરીશ્વર જૈન ગ્રંથમાલામાં ૧૯ આંક તરીકે પ્રસિદ્ધ થયેલ છે. તેમાં સતી નર્મદાસુંદરીના સંસ્કૃતમાં આલેખાયેલ જીવનચરિત્રનો વિવેચનાત્મક ગુજરાતી અનુવાદ છે.

**૧૦ અન્તિમ આરાધના સંગ્રહ**—સંપાદક મુનિશ્રી ચંદનસાગરજી મહારાજ. પ્રાપ્તિસ્થાન–જૈન યુવક મંડળ–વાપી ( ગુજરાત ).

**૧૧ શ્રી હીરવિજયજીકૃત હિતશિક્ષા છત્રીસી**—પ્રસિદ્ધ કરનાર શ્રી મોહનલાલ ખોડીદાસ શાહ.-શાંતાક્રુઝ (મુંબઈ.)

**૧૨ તરૂણ સ્વાધ્યાય**—પ્રકાશક શ્રી જૈનધર્મ આરાધક મંડળ. મુનિરાજ તરૂણવિજયજી મહારાજના સમાધિમરણ નિમિત્તે આ નાની પુસ્તિકા છપાયેલ છે. તેમાં સ્વાધ્યાય કરવા જેવા કેટલાક આગમના વચનો ઉદ્ધારવામાં આવ્યા છે.

**૧૩ ધાર્મિક અભ્યાસક્રમ પાઠય પુસ્તક પહેલું**—પ્રકાશક વિદ્યાર્થી ભવન–કડી. કિં. બાર આના. બાળકોને પાઠશાળામાં અભ્યાસ કરાવવા માટે આ પાઠય પુસ્તક ઉપયોગી જોવામાં આવે છે. **શ્રી જીવરાજભાઇ ઓધવજી દોશી.**

---

# ક્ષમાપના

## અમારા સભ્યો અને વાચકો પ્રત્યે

ગત સંવત્સરી વર્ષમાં કાંઇ લેખનદોષ થયો હોય, કર્તવ્યતામાં પ્રમાદ થયો હોય અથવા પરસ્પર કાંઇ વૈમનસ્યનું કારણ ઉદ્ભવ્યું હોય તે માટે અમે મિચ્છામિ દુક્કડં આપીએ છીએ.

નવીન વર્ષમાં વિશ્વમાં સર્વત્ર શાંતિ વર્તો, અને શ્રી મહાવીર પ્રભુના **અહિંસા** તથા **સત્યને** માર્ગે ચાલી સૌ સુખી થાઓ અને ધર્મકાર્યમાં ઉદ્યમવંત બનો એવી અમારી પરમકૃપાળુ પરમાત્મા પ્રત્યે પ્રાર્થના છે.

**અમરચંદ કુંવરજી શાહ** **જીવરાજભાઈ ઓધવજી દોશી**
પ્રમુખ
**દીપચંદ જીવણલાલ શાહ** **ભોગીલાલ મગનલાલ શેઠ**–ઉપપ્રમુખ
સેક્રેટરીઓ શ્રી જૈનધર્મ પ્રસારક સભા–ભાવનગર.

## અપીલ

ગતાંકમાં જણાવી ગયા બાદ "શ્રી જૈન ધર્મ પ્રકાશ સહાયક ફંડ" માં નીચે પ્રમાણે સહાયની રકમ મળી છે, જે સાભાર સ્વીકારીએ છીએ. આપે જો હજુ સુધી આપનો ફાળો ન મોકલ્યો હોય તો મોકલી આપશો.

| | | |
|---|---|---|
| ૬૬૬ાા | અગાઉ સ્વીકારાએલ | |
| ૧૭) | શેઠ રામચંદ દેવચંદ | આરવી |
| ૧૦) | પારી શકરાભાઈ લલ્લુભાઈ | અમદાવાદ |
| ૭) | શેઠ ફુલચંદભાઈ મહાસુખભાઈ | કોસીંદ્રા |
| ૭૦૦ાા | | |

# નિત્ય સ્વાધ્યાય સ્તોત્ર સંગ્રહ.

આશરે પાંચસો પાનાના આ ગ્રંથમાં નવસ્મરણ, જીવવિચાર, નવતત્ત્વ, દંડક, લઘુ સંઘયણી, ત્રણ ભાષ્ય, છ કર્મગ્રંથ, બૃહત સંગ્રહણી, લઘુ ક્ષેત્રસમાસ, કુલકો, તત્ત્વાર્થાધિગમ સૂત્ર, દશવૈકાલિક સૂત્ર, સાધુ સાધ્વી આવશ્યક ક્રિયાના સૂત્રો, અતિચાર વિગેરે અનેક ઉપયોગી વસ્તુઓનો સંગ્રહ કરવામાં આવ્યો છે. આ ગ્રંથ વસાવવા જેવો છે. મૂલ્ય રૂપિયા ત્રણ, પોસ્ટેજ જુદું

લખો—શ્રી જૈન ધર્મ પ્રસારક સભા—ભાવનગર.

# શ્રી પંચપ્રતિક્રમણ સૂત્ર (મૂળ)

પંચ પ્રતિક્રમણ, નવસ્મરણ, પચ્ચકખાણો, વિધિઓ, સ્તુતિ, ચૈત્યવંદનો વિગેરે ઉપયોગી વસ્તુઓનો સંગ્રહ સાથે બહાર પડી છે. નકલ એકની કિંમત રૂા. ૧–૪–૦. સો નકલના રૂા. ૧૧૫.

લખો—શ્રી જૈન ધર્મ પ્રસારક સભા—ભાવનગર.


## ખેદકારક સ્વર્ગવાસ

ભાવનગરનિવાસી બન્ધુ સંઘવી મણિલાલ પોપટલાલ બીજા શ્રાવણ શુદિ ૧૩ ને શુક્રવારના રોજ બાવન વર્ષની વયે સ્વર્ગવાસી થયા છે. સ્વર્ગસ્થ પ્રતિષ્ઠિત કુટુંબના હતા અને કાપડના આગેવાન વેપારી તરીકે તેમની નામના સારી હતી. સ્વભાવે મિલનસાર અને ઉત્સાહી હતા. આપણી સભાના ઘણા વર્ષોથી લાઇફ મેમ્બર હતા. અમે સ્વર્ગસ્થના આત્માની શાંતિ ઇચ્છીએ છીએ.

# ભરતેશ્વર બાહુબલી વૃત્તિ ભાષાંતર

## પુરુષ વિભાગ ૧-૨ ( સંપૂર્ણ )

'ભરતેસરબાહુબલિ'ની સજ્ઝાય તો રાઇ પ્રતિક્રમણમાં હંમેશા બોલાય છે, પણ તેમાં દર્શાવાતા મહાપુરુષોનાં વૃત્તાંતો તમો જાણો છો ? ન જાણતા હો તો આ પુસ્તક મંગાવો. તેમાં ૭૦ મહાપુરુષોના જીવનવૃત્તાંતો સુંદર અને રોચક ભાષામાં વર્ણવવામાં આવ્યાં છે. કથાઓ મનપસંદ અને સૌ કોઇને ગમી જાય તેવી છે. અવશ્ય આ પુસ્તક વસાવો. ક્રેમી સાઇઝના પૃષ્ઠ લગભગ ચારસો, છતાં કિંમત માત્ર રૂપિયા ત્રણ, પોસ્ટેજ જુદું.

લખો :—શ્રી જૈન ધર્મ પ્રસારક સભા, ભાવનગર

---

## શ્રી ત્રિષષ્ટિ શલાકાપુરુષ ચરિત્ર ભાષાંતર

### પર્વ ૧ થી ૧૦ : વિભાગ ૫

આ આખા ગ્રંથમાં દશ પર્વ છે. કલિકાલસર્વજ્ઞ શ્રીમદ્ હેમચંદ્રાચાર્યની આ અપૂર્વ કૃતિ છે. મૂળના શ્લોક ૩૪૦૦૦ છે. તેનું ભાષાંતર જુદા જુદા પાંચ ભાગમાં પ્રસિદ્ધ કરેલ છે.

**૧ પ્રથમ ભાગ-પર્વ ૧-૨ શ્રી ઋષભદેવ, અજિતનાથ વગેરેના ચરિત્ર. કિં. રૂા. ૩-૪-૦**
૨ બીજો ભાગ-પર્વ ૩-૪-૫-૬ **શ્રી સંભવનાથથી મુનિસુવ્રતસ્વામી સુધીનાં ચરિત્રો.** કિં. રૂા. ૩-૪-૦
૩ ત્રીજો ભાગ-પર્વ ૭ મું. જૈન રામાયણ ને શ્રી નમિનાથ ચરિત્ર કિં રૂા. ૧-૮-૦
૪ ચોથો ભાગ-પર્વ ૮-૯. શ્રી નેમિનાથ ને પાર્શ્વનાથ વગેરેનાં ચરિત્ર કિં. રૂા. ૩-૦-૦
૫ પાંચમો ભાગ-પર્વ ૧૦ મું. શ્રી મહાવીરસ્વામીનું સવિસ્તર ચરિત્ર કિં. રૂા. ૨-૮-૦
( આ પાંચમો ભાગ હાલ શીલીકમાં નથી. )

---

## બે પ્રતિક્રમણ સૂત્ર ( મૂળ )

બે પ્રતિક્રમણ સૂત્ર મૂળ તેમજ સૂત્રોનો સંક્ષિપ્ત ભાવાર્થ, સામાયિક લેવા પારવાની વિધિ, ચોવીશ તીર્થંકરોના નામો, વર્ણ અને લાંછન વિ. ઉપયોગી હકીકતનો સમાવેશ કરવામાં આવ્યો છે. રાઇ તેમજ દેવસી પ્રતિક્રમણની વિધિ પણ આપવામાં આવેલ છે. કિંમત પાંચ આના.

લખો—

**શ્રી જૈન ધર્મ પ્રસારક સભા-ભાવનગર.**

---

## શ્રી પૃથ્વીચંદ્ર ચરિત્ર ( ગદ્યબદ્ધ )

પૃથ્વીચંદ્ર અને ગુણસાગરનો એકવીશ ભવનો સંબંધ આપણામાં સારી રીતે જાણીતો થયેલ છે. શંખરાજા ને કલાવતીના ભવથી પ્રારંભી એકવીશમા પૃથ્વીચંદ્રના ભવ પર્યંતનો વિસ્તૃત વૃત્તાંત આ ગ્રંથમાં કર્તાશ્રી **પંડિત રૂપવિજયજીએ** સુંદર રીતે ગુંથ્યો છે. કથા રસિક હોવાથી વાંચતાં આહ્લાદ ઉપજે છે. અંતર્ગત ઘણી ઉપદેશક કથાનો સંગ્રહ કરવામાં આવ્યો છે. તેત્રીશ ફોર્મની પ્રતની કિંમત માત્ર રૂા. ચાર, પોસ્ટેજ અલગ.

---

મુદ્રક: શાહ ગુલાબચંદ લલ્લુભાઇ-શ્રી મહોદય પ્રિન્ટિંગ પ્રેસ, દાણાપીઠ-ભાવનગર.